ભેટપુસ્તકના મનોરથી

શ્રી વ્રજમોહન લલ્લુભાઈ આણંદજીવાલા, વલસાડ
ગો.વા. જસુમતી વ્રજમોહન આણંદજીવાલા, વલસાડ
ગો.વા. કપિલાબેન અરવિંદભાઈ શાહ, ગાંધીનગર
દેસાઈ જીવણલાલ ગિરધરલાલ તથા
અ.સૌ. છીતીબેન જીવણલાલ, વડોદરા
સૂર્યકાન્તાબેન કાન્તિલાલ શાહ (જરોદવાળા), વડોદરા
ડૉ. રેશ્માબેન ડાહ્યાલાલ જીમુલીયા, મુંબઈ
રાધિકાબેન જયંતિલાલ મોરઝરીયા, લંડન, યુ.કે.
ગો.વા. શ્રીમતી ઈંદિરાબેન વિઠ્ઠલદાસ પરીખ, બોડેલી
મૃદુલાબેન દિલીપભાઈ મજમુદાર, અમદાવાદ
ગો.વા. શાંતિલાલ કરશનભાઈ હીરપરા પરિવાર, ધોરાજી
શ્રી મહિલા વલ્લભ સત્સંગ મંડળ, ઠાકુર કૉમ્પલેક્ષ, મુંબઈ
પ્રિયેશ, કૃપા, મીલન તથા પરમ ઠકરાર (યુ. કે.)
હીરાલાલ ભગવાનજીભાઈ સોમૈયા, કુતિયાણા
વ્રજલાલભાઈ શ્રોફ, ચિંચણ
કે. એ. તલાટી, ગાંધીનગર
એક વૈષ્ણવ, ગાંધીનગર
શકુંતલાબેન કૃષ્ણમુરારી ગોર, બાયડ
ચીમનલાલ એન. બેંકર, અમદાવાદ
નીતા એ. પારેખ, ભાવનગર
ગો.વા. ભગવતી માણેકલાલ શાહ તથા
અ.સૌ. નિકિતા યોગેશ શાહ (વડોદરા-બાલીસણા)

ના સૌ વૈષ્ણવોને સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

॥ શ્રીહરિઃ ॥

બાલપુષ્ટિ

[વર્ષ ૨૦૦૫-૨૦૦૬નું ભેટપુસ્તક]
વર્ષ - ૧૧ અંક - ૭
ઓક્ટોબર - ૨૦૦૫ ● સળંગ અંક - ૧૨૭

લાડીલા લાલન

શ્રીનવનીતપ્રિયજી

સંકલન
વસંતબહેન ર. પરીખ

તંત્રી
વસંતબહેન ર. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

બાલમિત્રોને

વહાલાં બાલમિત્રો,

સપ્રેમ જયશ્રીકૃષ્ણ અને આશીર્વાદ.

મિત્રો, તમે જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં હતાં તે આ ભેટ પુસ્તક-રંગબેરંગી સુંદર ચિત્રોવાળું નાનકડું પુસ્તક-તમને આ વખતે નાનકડા લાલન શ્રીનવનીતપ્રિયજીની અનેક રસભરી વાતો કહેવા તમારે ઘેર આવી રહ્યું છે.

લાલન છે ઘણા છોટા પણ એમની વાતો છે મોટી. ચમત્કારિક રીતે શ્રીયમુનાજીમાંથી પ્રાકટ્ય, ગજનધાવનને બાળલીલા અને કિશોરલીલાના અત્યંત સુખનું દાન, ગજનધાવન વગર રાજભોગ ન આરોગવાની હઠ, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં અનેક સેવકોને સાનુભાવ, ધોંધીના કીર્તન સાંભળી આપેલા તાલ, ગોપાલ-દાસના પગનું નૂપુર તૂટી જતાં પોતાના પગનું નૂપુર બાંધી ચાલુ રખાવેલું નૃત્ય, શ્રીગિરિધરજીને ભગવા રંગે રંગી સૂકવવા આપેલાં પોતાનાં વસ્ત્રો વગેરે જેવા પ્રસંગો દ્વારા આપે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાં-ઈજીના અનેક સેવકોને પોતાના સ્વરૂપમાં આસક્તિ કરાવી છે.

હાલ આ સ્વરૂપ શ્રીનાથદ્વારામાં મોતીમહેલમાં આવેલા પોતાના મંદિરમાં બિરાજે છે. પૂ. પા. ગો. તિ. ૧૦૮ શ્રી રાકેશજી (ઈંદ્રદમનજી) મહારાજશ્રી તેમની સેવા કરી રહ્યા છે. શ્રીજીબાવાનાં દર્શન કરવા આવેલાં વૈષ્ણવો તેમનાં દર્શન કરી ખૂબ પ્રેમથી લાડીલા એવા આ લાલનનો જયજયકાર કરે છે.

આ પુસ્તકમાં દરેક પ્રસંગને અનુરૂપ એક રંગીન, સુંદર ચિત્રજી છે. એ ચિત્રો જોઈને આ બધા પ્રસંગો વાંચી, સમજી, યાદ રાખી

તમારા મિત્રોને એની વાર્તા જરૂર કહેશો. વિદ્યા આપવાથી વધે છે. તમે કહેલી વાતોથી તમારા મિત્રોને પણ લાલનમાં જરૂર પ્રેમ જાગશે.

પુસ્તકના સુંદર ચિત્રો તૈયાર કરી આપવા બદલ શ્રી શ્યામસુંદરજી પુરોહિત અને શ્રી વિમળાબેન ભાટિયાનો આભાર માનજો.

આ પુસ્તક વિશેનો તમારો અભિપ્રાય મને જાણવો ગમશે. જણાવશોને?

મિત્રો, બીજી એક વાત પણ કરી લઉં. સપ્ટેમ્બરના અંકમાં શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી તમારે માટે યોજાનારી સ્પર્ધાઓ માટેની વિગતો તમે વાંચી હશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે અંકની પાછળ આપેલું ફોર્મ ભરીને તમે મોકલી આપ્યું હશે. ન મોકલ્યું હોય તો તા. ૧લી નવેમ્બર પહેલાં જરૂરથી મોકલી આપશો. સ્પર્ધાઓમાં ખૂબ સારી રીતે તૈયારી કરીને ભાગ લેજો. તમારાં વડીલોને પણ સાથે લઈ આવજો. આ સ્પર્ધાઓમાં માત્ર નંબર મેળવી ઈનામ પ્રાપ્ત કરવા નહિ પરંતુ તમારું પુષ્ટિમાર્ગીય જ્ઞાન વધે, તમને વક્તૃત્વ, ચિત્ર, કીર્તનગાન વગેરેમાં કુશળતા પ્રાપ્ત થાય તે માટે ભાગ લેજો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને પ્રમાણપત્ર અને સાંપ્રદાયિક પુસ્તક ભેટ અપાશે. વિજેતા બાળકોને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર તથા પુસ્તક અપાશે. પૂ. શ્રી આચાર્યચરણોના આશીર્વાદ પણ પ્રાપ્ત થશે. તમે સૌ ખૂબ મોટી સંખ્યામાં સ્પર્ધાઓમાં ભાગ લઈ તેને સફળ બનાવશો એવી આશા સાથે વિરમું છું.

સ્પર્ધા સ્થળ : સુખધામ (શ્રીદ્વારકાધીશ મંદિર), AD-૧, વસુંધરા સોસાયટી, ઊમા ચાર રસ્તા નજીક, વાઘોડીયા રોડ, વડોદરા.

સ્પર્ધા તારીખ : ૪ ડિસેમ્બર, ૨૦૦૫ (રવિવાર)

- વસંતબહેન પરીખ

અનુક્રમણિકા

અ.નં.	નામ	પાન નં.
૧.	પ્રાતઃસ્મરણ-સ્વરૂપધ્યાન	૫
૨.	ચાલો શ્રીનવીતપ્રિયજીનાં દર્શને	૬
૩.	શ્રીનવનીતપ્રિયજીનું પ્રાગટ્ય	૧૧
૪.	ગજનધાવન શ્રીમહાપ્રભુજીના શરણે	૧૬
૫.	ગજનધાવન અને શ્રીનવનીતપ્રિયજી	૨૦
૬.	ગજનધાવનની વ્યસનદશા	૨૭
૭.	શ્રીઅક્કાજીને બ્રહ્મસંબંધ અને સ્વપ્નમાં દર્શન	૩૩
૮.	શ્રીનવીતપ્રિયજી ગોકુળમાં	૩૫
૯.	રીઝયા શ્રીનવનીતરાય	૩૯
૧૦.	શ્રીગુસાંઈજી અને શ્રીનવનીતપ્રિયજીનો પરસ્પર પ્રેમ	૪૪
૧૧.	દેખો રી હરિ નંગમનંગા	૪૬
૧૨.	પ્રિય નવનીત પાલને ઝૂલે	૫૧
૧૩.	શ્રીનવનીતપ્રિયજી ગોકુળથી મેવાડ પધાર્યા	૫૪
૧૪.	શ્રીનવનીતપ્રિયાષ્ટકમ્	૬૩
૧૫.	શ્રીનવનીતપ્રિયજીનાં કીર્તન	૬૪

વ્હાલાં બાલમિત્રો,

સૌને દિપાવલીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન.

શ્રી પ્રભુનાં સેવાસ્મરણ દ્વારા પુષ્ટિભક્તિની જ્યોત આપ સૌનાં જીવનમાં સદાયે પ્રજ્વલિત રહે એ શુભકામના સાથે નૂતન વર્ષના જયશ્રીકૃષ્ણ.

- વસંતબહેન પરીખ

લાડીલા લાલન
શ્રીનવનીતપ્રિયજી

૧. પ્રાતઃસ્મરણ - સ્વરૂપધ્યાન

(છંદ-અનુષ્ટુપ)

નવનીતપ્રિયં નૌમિ શ્રીવિઠ્ઠલેશમુદાવહમ્ ।
રાજચ્છાર્દૂલનખરં રિંગમાણં વ્રજાંગને ॥

શબ્દાર્થ :

નવનીતપ્રિયં = જેમને નવનીત(માખણ) પ્રિય છે તેવા શ્રીનવનીતપ્રિયજીને, **નૌમિ** = હું નમન કરું છું, **વિઠ્ઠલેશમુદાવહમ્** (વિઠ્ઠલેશ + મુદૌ + અહમ્) **વિઠ્ઠલેશ** = શ્રીવિઠ્ઠલનાથજીને-શ્રીગુસાંઈજીને, **મુદૌ** = આનંદ આપનારા, **અહમ્** = હું, **રાજચ્છાર્દૂલ** (રાજત્ + શાર્દૂલ) **રાજત્** = શોભતા, **શાર્દૂલનખરં** = વાઘનખથી, **રિંગમાણં** = ભાંખોડિયા ભરતા, **વ્રજાંગને** = વ્રજના આંગણે, વ્રજમાં-નંદભવનના આંગણામાં.

શ્લોકાર્થ :

વ્રજમાં નંદભવનના આંગણામાં ભાંખોડિયાં ભરતા, વાઘનખથી શોભતા અને શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીગુસાંઈજીને આનંદ આપતા, જેમને માખણ પ્રિય છે એવા શ્રીનવનીતપ્રિયજીને હું નમન કરું છું.

૨. ચાલો શ્રીનવનીતપ્રિયજીનાં દર્શને

શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલ, શ્રીવલ્લભકુળ અને વૈષ્ણવો સહુના લાડીલા લાલન એટલે શ્રીનવનીતપ્રિયજી. આજે નવનીતપ્રિયજી નાથદ્વારામાં શ્રીનાથજીના મંદિરની બાજુમાં પોતાના સ્વતંત્ર મંદિરમાં બિરાજે છે. જે વૈષ્ણવો શ્રીજીબાવાનાં દર્શન કરવા જાય છે, તેઓ લાલનનાં દર્શન પણ અચૂક કરે છે અને ધન્યતા અનુભવે છે.

આરતી અને જયતી તેમનાં મમ્મી-પપ્પા અને દાદા-દાદી સાથે નાથદ્વારા ગયેલાં. શ્રીગોવર્ધનધર પ્રભુનાં દર્શન કરી, બાજુમાં બિરાજતા લાલનનાં દર્શન કરવા ગયાં. સુંદર ફૂલભર્યા પલનામાં લાલન ઝૂલતા હતા. પાઘ અને ઘુમાવદાર ગોળ ચંદ્રિકાનો સુંદર શૃંગાર થયો હતો. સુવર્ણની રત્નજડિત માળાઓ અને પુષ્પમાળાઓ ધરી હતી. કીર્તનીયાજી મધુર હલકે કીર્તન ગાતા હતા. દર્શન કરવા આવેલાં વૈષ્ણવો લાલનને નીરખીને આનંદિત થઈ તેમનો જયજયકાર કરી રહ્યાં હતાં. લાડીલે લાલકી જય.

‘દાદાજી, આ નાનકડા લાલનનું નામ શું છે?’ આરતીએ પૂછ્યું.

‘બેટા, એમનું નામ શ્રીનવનીતપ્રિયજી છે.’ દાદાજીએ કહ્યું.

‘એમનું નામ નવનીતપ્રિયજી કેમ પડયું છે?’ જયતીએ પૂછ્યું.

જયતીની પ્રશ્નો પૂછવાની ટેવથી સૌ પરિચિત હતાં. એક પ્રશ્નનો જવાબ મળે એટલે એની પાસે બીજા પ્રશ્નો તૈયાર જ હોય. દાદાજીએ કહ્યું. : બેટા, અહીં ભીડમાં તારા પ્રશ્નનો જવાબ નહિ અપાય. આપણે દર્શન કરીને બહાર ઓટલા ઉપર બેસીએ અને પછી તને તારા પ્રશ્નનો જવાબ આપીશ.

‘ભલે દાદાજી.’

સૌ બહાર આવ્યાં. શ્રીનવનીતપ્રિયજીના મંદિરના ઓટલા ઉપર બેઠાં. ‘દાદાજી, હવે કહો, લાલનનું નામ શ્રીનવનીતપ્રિયજી કેમ છે?’

લાલનને તાજું માખણ બહુ પ્રિય છે. કજિયો કરીને પણ યશોદામા પાસેથી માખણ લે છે. સવારે ઊઠતાં જ તેમને માખણ જોઈએ છે. જરાક વિલંબ થાય તો રૂદન કરવા લાગે છે. જમણા શ્રીહસ્તમાં ઘટ્ટ માખણનો પેંડો પકડી, તે ખાતાં ખાતાં આંગણામાં ખેલે છે. માખણને નવનીત પણ કહેવાય છે. તેથી તેમનું નામ શ્રીનવનીતપ્રિયજી પડયું છે. જેમને નવનીત ઘણું પ્રિય છે તે શ્રીનવનીતપ્રિયજી. વ્રજભાષામાં ‘લાલન’ એટલે નાના બાળક અથવા નાના પુત્ર. માટે તેમને લાડમાં સૌ લાલન તરીકે પણ ઓળખે છે. લાલન તરીકે તેમની જય બોલાવે છે.’ દાદાજીએ સમજાવ્યું.

‘દાદાજી, આ લાલન એટલે કૃષ્ણ જ ને? જયતીએ પૂછ્યું.

‘હા, સારસ્વત કલ્પમાં ગોકુળમાં નંદ-યશોદાને ત્યાં શ્રીકૃષ્ણ પુત્ર રૂપે પ્રકટ થયા તે જ શ્રીનવનીતપ્રિયજી. તેમનું સ્વરૂપ છ માસની વયનું છે. બાલલીલાનું સ્વરૂપ છે. તેઓ નંદાલયના આંગણામાં ઘૂંટણિયા તાણતાં, કિલકિલાટ હસતાં ખેલે છે. નંદાલયના આંગણામાં વ્રજરજ છે. ત્યાં ગાયો પણ ખેલે છે. તેમનું ગૌમૂત્ર વ્રજરજમાં મળે છે. ગૌમૂત્રથી ભીંજાયેલી વ્રજરજમાં શ્રીનવનીતપ્રિયજી ઘૂંટણિયા તાણતાં દોડે છે, ત્યારે એ ભીની શ્વેત વ્રજરજ તેમના અંગે લાગવાથી તેમનું શ્રીઅંગ શ્વેત જણાય છે. ક્યારેક તેઓ નાનાં વાછરડાંનાં પૂંછડાં પકડવા પ્રયત્ન કરે છે, ક્યારેક મોટી ગાયોના પગ પકડવા જાય છે. ગાય અને વાછરડાંની પાછળ-પાછળ દોડે છે.

‘નાનકડા લાલનને ગાયો અને વાછરડાં વગાડે નહિ?’ આરતીએ ચિંતા વ્યક્ત કરી.

‘લાલન નાના છે પણ એમની લીલાઓ અદ્દ્ભુત છે. ગાય અને વાછરડાં તો લાલનનાં દર્શનથી અને સ્પર્શથી જ રોમાંચિત થઈ જાય. તમે માસી પૂતનાની વાત તો જાણો જ છો. લાલન છ દિવસના જ હતા. મથુરાથી કંસે મોકલેલ રાક્ષસો વસુદેવના આઠમા પુત્રને

શોધવા ગોકુળ આવતા. તેમ આ પૂતના પણ આવી હતી. નવનીતપ્રિયજીએ બાળલીલા કરતાં કરતાં ઘડીકમાં તેનો સંહાર કરી દીધેલો. એવી જ રીતે એકવાર તૃણાવર્ત નામનો રાક્ષસ વાવઝોડાનું સ્વરૂપ લઈને આવેલો. લાલને તેને પણ ભોંય પછાડેલો.

એકવાર દૂધ-દહીં-માખણથી ભરેલા ગાડા નીચે યશોદામાએ લાલનને સૂવાડયા હતા. આ વજનદાર ગાડાને પોતાના ચરણનો અંગુઠો અડકાડી લાલને ઊંધું વાળી દીધું હતું. આ લીલાને 'શકટભંજનલીલા' કહેવાય છે. શકટ એટલે ગાડું. ભંજન એટલે ભાંગવું. આવી અદ્‌ભુત લીલાઓ કરનારા આ લાલન છે.' દાદાજીએ સમજાવ્યું.

'દાદાજી, આપણે હમણાં શ્રીજીબાવાનાં દર્શન કરવા ગયાં ત્યારે શ્રીજીબાવા તો પલનામાં ઝૂલતા ન હતા. પણ લાલન અત્યારે પલને ઝૂલતાં હતા. એવું કેમ?' જયતીના પ્રશ્નો ખૂટતા જ ન હતા.

બેટા, લાલન નાનકડા, છ માસના બાળક હોવાથી પલનામાં પોઢે છે, ઝૂલે છે. તેમને પલનાં બહુ પ્રિય છે. નંદાલયમાં રહેતાં કુમારિકા ગોપીજનો, માતા યશોદાજી અને વ્રજમાંથી દર્શન કરવા આવેલાં ગોપીજનો સૌ તેમને પલને ઝૂલાવે છે. તેમનાં બાળસ્વરૂપનાં દર્શન કરી પ્રસન્ન થાય છે. તેઓ નાના બાળક હોવાથી મોટે ભાગે એક નાનકડો વાઘો અને મસ્તકે ટોપી ધારણ કરે છે. માતા યશોદાજી તેમને રોજ નવા સુંદર શૃંગાર ધરાવે છે. નેત્રમાં અંજન આંજે છે. તેમને નવાં નવાં રમકડાંથી ખેલવું બહુ ગમે છે, તેથી અહીં મંદિરમાં પણ શ્રીનવનીતપ્રિયજીને દરરોજ નવા સુંદર શૃંગાર ધરાવી, પલનામાં ઝૂલાવે છે અને નવાં નવાં રમકડાંથી ખેલાવે છે. આપણા જેવા દર્શન કરવા આવતાં વૈષ્ણવો લાલનના પલનાનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

'દાદાજી, લાલનના જમણા શ્રીહસ્તમાં માખણનો લાડુ છે. ડાબા શ્રીહસ્તમાં શું છે? લાલનને શૃંગાર ધરેલા હતા એટલે દર્શન કરતાં ડાબો શ્રીહસ્ત તો દેખાયો જ નહિ.'

'બેટા, તેં લાલનનાં દર્શન ખૂબ ધ્યાનથી કર્યાં છે. પણ આ સ્વરૂપ ખૂબ નાનું છે. સ્વરૂપ ગૌર વર્ણનું છે પણ એમનું મુખારવિંદ શ્યામ છે. જમણા શ્રીહસ્તમાં માખણનો લાડુ છે અને ડાબો શ્રીહસ્ત તો ભૂમિ ઉપર ટેકવ્યો છે. તેમનો એક ચરણારવિંદ ઢીંચણમાંથી વળેલો છે અને બીજો ચરણારવિંદ ભૂમિ ઉપર ઊભો ધરેલો છે. નંદભવનમાં ભાંખોડિયા ભરતાં ભરતાં ઊભા રહી ગયા હોય તેવું લાગે છે.'

'દાદાજી, લાલન ઘૂંટણિયા તાણતાં નંદભવનમાં એટલે કે આખા મંદિરમાં ફરે છે?'

'હા, ક્યારેક તો માખણનો પેંડો જમણા હસ્તમાં લઈને, ઘૂંટણિયા ભરતાં ભરતાં નંદભવનના અરીસામહેલમાં પહોંચી જાય છે. ત્યાં બધી દીવાલો અને છત ઉપર અરીસા જડેલા છે. તેમાં તેમનું મુખારવિંદ દેખાય છે. અરીસામાં જોઈને પોતે માખણ આરોગે છે. ત્યારે તેમને એવું લાગે છે કે તેમના જેવો બીજો કોઈ છોકરો અંદર છે અને પોતાની નકલ કરે છે, એટલે ક્યારેક ગુસ્સે થઈને રડે છે અને ક્યારેક ખડખડાટ હસે છે. પોતાના શ્રીહસ્તમાં રહેલું માખણ એ અરીસામાં ઊભેલા છોકરાને ખવડાવે છે અને ખુશ થાય છે. આવી મુગ્ધ બાળલીલા કરનારું આ સ્વરૂપ છે.'

'આપણે જ્યારે પણ લાલનનાં દર્શન કરીએ ત્યારે આ રીતે તેમની લીલાઓનું અવશ્ય ચિંતન કરવું. જુઓ હવે શ્રીજીબાવાનાં રાજભોગનાં દર્શન ખૂલ્યાં લાગે છે. ચાલો આપણે દર્શન કરીએ. પછી આપણા મુકામ ઉપર જઈને લાલનની બીજી વાતો કરીશું.'

'જરૂર દાદાજી, લાલનની વાતો સાંભળવામાં આજે બહુ આનંદ આવી ગયો.'



ઉપર : મહાવનનાં ક્ષત્રાણીને શ્રીયમુનાજીમાંથી
ચાર ભગવદ્‌સ્વરૂપો પ્રાપ્ત થાય છે.
નીચે : એ ક્ષત્રાણી ચારે સ્વરૂપો પધરાવી શ્રીમહાપ્રભુજી પાસે આવે
છે અને બધા ભગવદ્ સ્વરૂપો શ્રીમહાપ્રભુજીને પધરાવી આપે છે.

૩. શ્રીનવનીતપ્રિયજીનું પ્રાગટ્ય

'દાદાજી, તમે એક દિવસ મને શ્રીગોકુલચંદ્રમાજી અને નારાયણદાસ બ્રહ્મચારીની વાર્તા કહી હતી. તેમાં શ્રીગોકુલચંદ્રમાજીના પ્રાગટયની વાત કરી હતી. ત્યારે તમે કહ્યું હતું કે મહાવનનાં એ ક્ષત્રાણીને યમુનાજીમાંથી ચાર સ્વરૂપ પ્રાપ્ત થયાં હતાં. શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીનવનીતપ્રિયજી, શ્રીલાડિલેશજી અને શ્રીલલિતત્રિભંગીજી, બરોબર?' દાદાજી મહાપ્રસાદ લઈ, થોડો આરામ કરીને ઊઠયા ત્યાં તો જયતી તેમની બાજુમાં આવીને બેસી ગઈ. તેના પ્રશ્નો શરૂ થઈ ગયા.

'હા બેટા, બરોબર. આ ચાર સ્વરૂપો શ્રીયમુનાજીમાંથી પ્રગટ થયાં હતાં. મહાવનનાં એ ક્ષત્રાણીની જલની ગાગરમાં બિરાજી તેમને ઘેર પધાર્યાં હતાં. પરંતુ એ ક્ષત્રાણીને મહાપ્રભુજીના સ્વરૂપમાં જ આસક્તિ હતી. તેઓ વસ્ત્ર ઉપર છાપેલા શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદની જ સેવા કરતાં હતાં. તેથી તેમણે તો એ ચારે ભગવદ્‌સ્વરૂપો શ્રીમહાપ્રભુજી પાસે પધરાવી દીધાં. પણ હવે તમારામાંથી કોને યાદ છે કે શ્રીમહાપ્રભુજીએ એ ચારે સ્વરૂપો સેવા માટે કોના માથે પધરાવી દીધા હતા?' દાદાજીએ જયતી અને આરતીની પરીક્ષા કરવા પૂછયું.

'શ્રીગોકુલચંદ્રમાજી નારાયણદાસ બ્રહ્મચારીને માથે પધરાવ્યા હતા.' આરતીએ તરત જ જવાબ આપી દીધો.

'અને નવનીતપ્રિયજી આગ્રાના ગજન ધાવનને માથે પધરાવ્યા હતાં. જયતીએ કહ્યું.

દાદાજી આ બંને બાળકોની યાદશક્તિથી પ્રભાવિત થતા પૂછે છે : 'બાકીનાં બે સ્વરૂપો કોને માથે પધારાવ્યા હતા?'

'દાદાજી, યાદ નથી આવતું. તમે જ કહી દો.'

'શ્રીલાડિલેશજીને આગ્રાના જ બીજા વૈષ્ણવ જિયદાસ સૂરિને માથે અને શ્રીલલિતત્રિભંગીજીને કડા ગામના દેવા કપૂરને માથે પધરાવ્યા હતા.'

'હા, તમે એ દિવસે કહ્યું હતું. યાદ આવ્યું, પણ દાદાજી, આગ્રાના ગજન ધાવનને માથે જે શ્રીનવનીતપ્રિયજી પધરાવ્યા હતા તે આજે આપણે મંદિરમાં દર્શન કર્યા તે જ નવનીતપ્રિયજી કે બીજા?' જયતીએ વળી બીજો પ્રશ્ન પૂછયો. એની જિજ્ઞાસાનો અંત ન હતો.

'આ એ જ નવનીતપ્રિયજી છે, જેમની સેવા પરમ ભગવદીય એવા ગજન ધાવને જીવનભર કરી હતી. ખૂબ પ્રેમથી કરી હતી. શ્રીમહાપ્રભુજીએ ગજન ધાવનને માથે શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ પધરાવી આપતાં આજ્ઞા કરી હતી કે 'ગજન, આ પ્રભુ અમારું સર્વસ્વ છે. ખૂબ મન લગાડીને તેમની સેવા કરજો. બને તેટલા લાડ લડાવજો. સેવા ન બને ત્યારે પાછા અમારે ઘેર પધરાવજો.' આ આજ્ઞા પ્રમાણે ગજને વૃધ્ધાવસ્થા આવી અને શરીર ખૂબ અશક્ત થયું ત્યાં સુધી શ્રીનવનીતપ્રિયજીની મનની આસક્તિપૂર્વક સેવા કરી. પછી શ્રીનવનીતપ્રિયજીને શ્રીમહાપ્રભુજીને ઘેર પાછા પધરાવ્યા. ત્યારથી શ્રીનવનીતપ્રિયજી શ્રીમહાપ્રભુજીના ઘરમાં જ બિરાજે છે. શ્રીમહાપ્રભુજીએ અને શ્રીગુસાંઈજીએ પણ તેમની ખૂબ પ્રેમથી સેવા કરી છે.' દાદાજીએ સમજાવ્યું.

'દાદાજી, આજે તમે અમને એ ગજન ધાવનની વાર્તા કહોને! આરતી અને જયતીને દાદાજીની વાતોમાં ઘણો રસ પડયો હતો. દાદાજીને પણ બાળકો સાથે વાતો કરવામાં આનંદ આવતો હતો. તેમણે વાર્તા શરૂ કરી.

આગ્રામાં એક ધનવાન ક્ષત્રિય વેપારી રહેતો હતો. તેને ચાર પુત્રો હતા. તેની પાસે પુષ્કળ ધન હતું. સાથે સાથે મોજશોખની વૃત્તિ પણ તેનામાં વધારે હતી.

એક દિવસ તેના મનમાં એક શોખ જાગ્યો : 'આજે તો નદીની અંદર નાવમાં બેસીને ભવાઈ જોવી છે.' ભવૈયાઓને કહી દીધું. રાત્રે એ ક્ષત્રિય તેના ચાર પુત્રો અને મોટા મિત્રમંડળ સાથે નદીકિનારે આવ્યો. બધા નાવમાં ગોઠવાઈ ગયા. નાવ નદીમાં ધીરે ધીરે ચાલે છે. ભવાઈ ચાલુ થઈ છે. ભવૈયાઓનું નાચગાન જોરશોરથી ચાલી રહ્યું છે. બધા જોવામાં તલ્લીન બની ગયા છે. એટલામાં નદીમાં અચાનક પૂર આવ્યું. પૂરમાં તણાતાં આવતાં વૃક્ષ સાથે નાવ જોરથી અથડાયું. તૂટી ગયું. બધા પૂરમાં તણાયા. પૂરનું જોર ઘણું હતું. કોઈ તરીને પાર ઉતરી ન શકયા. બધા ડૂબી ગયા, પણ એ ક્ષત્રિયના સૌથી નાના દીકરા ગજનના હાથમાં તૂટેલા નાવનું એક પાટિયું આવી ગયું. એને વળગીને તરતો તરતો એ યમુના નદીમાં ચારેક ગાઉ દૂર કાંઠા ઉપર નીકળ્યો. એ એકલો જ બચ્યો હતો.

ત્યાંથી ચાલતો ચાલતો બીજા દિવસે ઘેર આવ્યો. પોતાની માતાને આ દુઃખદ સમાચાર કહ્યા. ક્ષત્રિયની પત્ની સતી થઈ એટલે કે પતિની પાછળ એ પણ મૃત્યુ પામી. હવે ઘરમાં ગજન એકલા જ રહ્યા.

ઘરમાં ધન ઘણું હતું. કોઈ વાતની કમી ન હતી. દુકાનોમાં મોટો વેપાર ચાલતો હતો. પણ જીવનની ક્ષણભંગુરતા વિચારતાં ગજનને ધન પ્રત્યે વૈરાગ્ય આવી ગયો. મન બધી લૌકિક બાબતોમાંથી નીકળી ગયું. ખાવાપીવાનું-પહેરવાનું-ઓઢવાનું કાંઈ ગમે નહિ. વેપારધંધો બંધ કરી દીધો. આખો દિવસ પ્રભુસ્મરણ કર્યા કરે. મન થાય ત્યારે યમુનાજીના કિનારે જઈને બેસે. કોઈની સાથે ઝાઝું બોલે નહિ. સમગ્ર ચિત્તવૃત્તિ ધર્મ તરફ વળી ગઈ.

એક દિવસ ગજન નદીકાંઠે બેઠા હતા. ત્યાં એક સમદુઃખિયો મિત્ર મળી ગયો. નામ એનું જિયદાસ. એને પણ સંસાર તરફ વૈરાગ્ય આવેલો હતો. બંને જણ ભગવાનની વાતો કરવા લાગ્યા. ભગવાન કેવી રીતે મળે એની ઈચ્છા બંનેના હૃદયમાં ઉત્કટ થતી ગઈ.



શ્રીઠાકોરજી ગજનને સ્વપ્નમાં દર્શન આપે છે અને શ્રીમહાપ્રભુજીને શરણે જવાની આજ્ઞા કરે છે.

બંને જણ હવે સાથે ભગવત્કથા શ્રવણ કરવા જાય છે. રાત્રે સાધુસંતો સાથે હરિકીર્તન કરે છે. ભગવાન મેળવવા સંતો જે સાધન બતાવે તે કરે છે. ઘરમાં ઘણું દ્રવ્ય હતું. તે બધું વપરાતું જાય છે. વ્રત-ઉપવાસ કરે છે. એકાદશીનો ઉપવાસ નિર્જળ કરે છે. રાત્રિભર જાગરણ કરીને ભગવદ્ ગુણગાન કરે છે. પણ એમ કાંઈ ભગવાન મળવા સહેલા છે? ભગવાન તો કોઈ મહાપુરુષની કૃપા થાય તો મળે. ભગવાન મેળવી આપે એવા કોઈ ગુરુની શોધમાં દિવસો પસાર કરે છે.

એક દિવસની વાત છે. એ દિવસે એકાદશી હતી. નિર્જળા ઉપવાસ કરેલો. રાત્રિભર પ્રભુનાં ગુણગાન ગાયેલાં. પરોઢિયે શ્રીયમુનાજીના કિનારે જ જરા આડા પડયા. ઊંઘમાં સ્વપ્ન આવ્યું. શ્રીઠાકોરજીએ બાળસ્વરૂપે એમને દર્શન આપ્યાં. સ્વપ્નમાં જ પ્રભુની આજ્ઞા થઈ: 'ગોકુળ જઈને શ્રીમહાપ્રભુજીના શરણે જા. તારું કાર્ય સિધ્ધ થશે. તારો જન્મ સફળ થશે.'

સ્વપ્ન પૂર્ણ થયું. જાગી ગયા. સ્વપ્નમાં થયેલાં પ્રભુનાં દર્શનથી મન એકદમ પ્રસન્ન થઈ ગયું હતું. ગોકુળ જવાની તૈયારી કરી. એક મનુષ્યને સાથે લઈને નાવમાં બેસી ગોકુળ આવ્યા. શ્રીયમુનાજીના કિનારે ફરતા ફરતા ગોવિંદઘાટ ઉપર આવ્યા. જુએ છે તો એક તેજસ્વી મહાપુરુષ ઘાટ ઉપર બિરાજી સંધ્યાવંદન કરી રહ્યા છે. ગજને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીમહાપ્રભુજીએ હસીને આજ્ઞા કરી : 'ગજન, તું આવ્યો?

શ્રીમહાપ્રભુજીના વચનામૃત સાંભળી ગજનના રોમ રોમમાં આનંદ થઈ ગયો. તેણે વિનંતી કરતા કહ્યું : 'મહારાજ, આગ્રાથી હમણાં જ ચાલ્યો આવું છું.' ત્યાંતો શ્રીમહાપ્રભુજીનાં દર્શન થતાં હતાં ત્યાં ક્ષણવારમાં જ ઠાકોરજીએ જે બાળસ્વરૂપે - શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપે સ્વપ્નમાં દર્શન આપેલાં તે જ સ્વરૂપનાં

દર્શન થયાં. દર્શન થતાં જ ગજનનું મન એ સ્વરૂપમાં આસક્ત થઈ ગયું. એને થયું : 'હવે મારું કાર્ય જરૂર સિધ્ધ થશે. ભગવાન મેળવી આપે એવા મહાપુરુષ મને મળી ગયા છે.'

આરતી અને જયતી ગજનની વાર્તા સાંભળવામાં તલ્લીન થઈ ગયાં છે. ત્યાં બહારથી મમ્મીની બૂમ સંભળાઈ.

'શ્રીજીબાવાનાં ઉત્થાપનનાં દર્શન ખૂલવાની તૈયારી છે. ચાલો, દર્શન કરવાં હોય તો મંદિરે જઈએ.'

'હવે આગળની વાર્તા રાત્રે કહીશ.' દાદાજી ઊઠયા. બધા મંદિરે દર્શન કરવાં ગયાં. શ્રીજીબાવાનાં અને નવનીતપ્રિયજીનાં શયન સુધીનાં દર્શન કરી મુકામ ઉપર આવ્યાં. આજે આરતી અને જયતીને શ્રીનવનીતપ્રિયજીનાં દર્શનમાં ખૂબ આનંદ આવ્યો.

૪. ગજનધાવન શ્રીમહાપ્રભુજીને શરણે

રાત્રે સત્સંગ સમયે સૌ ભેગાં થયાં.

'દાદાજી, આજે તો સત્સંગમાં ગજન ધાવનની વાર્તા જ કહેજો.' જયતીની ફરમાઈશ ચાલુ હતી.

'ભલે ભલે. શ્રીનવનીતપ્રિયજીના સાન્નિધ્યમાં આપણે આવ્યાં છીએ તો એમના પરમ પ્રિય સેવક ગજનને તો જરૂર યાદ કરીશું. એમની વાતો જ આજે સત્સંગમાં કરીશું.' દાદાજીએ જયતીને ખુશ કરી દીધી. વાર્તાનો દોર આગળ ચલાવ્યો.

'આપણે જોઈ ગયાં કે ગજનને શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણના બાળસ્વરૂપ શ્રીનવનીતપ્રિયજી સ્વરૂપે દર્શન આપ્યાં. દર્શન કરતાં ગજનનું હૃદય ભરાઈ આવ્યું. આંખમાંથી આનંદનાં આંસુની ધાર ચાલી. શ્રીમહાપ્રભુજીનાં અને શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપમાં એમનું મન આસક્ત થઈ ગયું. એમણે શ્રીમહાપ્રભુજીને દંડવત્ પ્રણામ કરી વિનંતી કરી : 'મહારાજ, મને આપના શરણે લો.'



શ્રીઠાકોરજી સિંહાસન ઉપર બિરાજે છે અને
બીજા સ્વરૂપે તુલસી સમર્પે છે. આમ શ્રીમહાપ્રભુજી ગજનને
શ્રીઠાકોરજી સ્વરૂપે દર્શન આપે છે.

શ્રીમહાપ્રભુજીએ પૂછયું : 'ગઈકાલે વ્રત કર્યું હતું?'

'હા મહારાજ, ગઈકાલની નિર્જળા એકાદશી કરેલી છે.' ત્યારે આપે આજ્ઞા કરી : 'જાઓ, શ્રીયમુનાજીમાં સ્નાન કરી આવો.'

ગજન સ્નાન કરીને કોરાં વસ્ત્ર પહેરીને આવ્યા. આપશ્રીએ ત્યાં જ એમને નામમંત્ર આપ્યો. પછી પોતાની સાથે લઈ ગયા. શ્રીઠાકોરજી સન્મુખ બ્રહ્મસંબંધ કરાવ્યો. આ સમયે ગજનધાવનને અલૌકિક દર્શન થયાં. શ્રીઠાકોરજીનું એક સ્વરૂપ તો સિંહાસન ઉપર બિરાજે છે. બીજું સ્વરૂપ તુલસી સમર્પે છે. આમ ઠાકોરજી અને મહાપ્રભુજી મૂળમાં બંને એક જ સ્વરૂપ છે, એવાં દર્શન થયાં. આવાં દર્શન થતાં ગજનના આનંદનો પાર ન રહ્યો. ગજનધાવન કેવા ભાગ્યવાન કે શરણે આવતાં જ શ્રીમહાપ્રભુજીએ અને શ્રીઠાકોરજીએ એમને આવાં અલૌકિક દર્શન આપ્યાં!

'કૃપાનાથ, હવે મારું કર્તવ્ય શું?' ગજને પૂછયું.

'ઘેર જાઓ અને શ્રીઠાકોરજીની સેવા કરો.' આપશ્રીએ આજ્ઞા કરી.

'મહારાજ, હવે કોનું ઘર અને કોની દુકાન? હું તો આપના ચરણકમળ છોડીને ક્યાંય નહિ જાઉં. આપ હવે મને આપની પાસે જ રાખો.'

'ગજન, તમને આ નવનીતપ્રિયજીનું સ્વરૂપ હું પધરાવી આપું છું. એ સાક્ષાત્ મારું જ સ્વરૂપ છે. તમે એમને પ્રેમથી લાડ લડાવજો. તમે જે મનોરથ કરશો તે એ પૂર્ણ કરશે.'

આપણે જોઈ ગયાં કે મહાવનનાં ક્ષત્રાણી ચાર ભગવદ્‌સ્વરૂપો પધરાવીને શ્રીમહાપ્રભુજી પાસે આવ્યાં હતાં. તેમાંથી શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપમાં ગજનને આસક્તિ થઈ ગઈ હતી. તે જ સ્વરૂપ પધરાવી આપવાની વાત આપશ્રીએ ગજનને કરી. ગજનને ખૂબ આનંદ થયો.



શ્રીમહાપ્રભુજી શ્રીનવનીતપ્રિયજીને
ગજન ધાવનને પધરાવી આપે છે.

બીજા દિવસે શ્રાવણ વદ નોમ હતી. શ્રીમહાપ્રભુજીએ નંદમહોત્સવ કર્યો. પલનું તો હતું નહિ, પરંતુ એક વસ્ત્રનું પલનું બનાવ્યું. ચાર ભગવદીયોએ એના ચાર છેડા પકડયા. અંદર શ્રીનવનીતપ્રિયજીને પધરાવ્યા. શ્રીવલ્લભ પ્રેમથી ઝુલાવે છે. ત્યાં તો નંદ-યશોદા-ગોપીગ્વાલ બધાં અલૌકિક સ્વરૂપે પ્રગટ થયાં. નૃત્યગાન થયાં. બધા ભગવદીયોને આ લીલાનાં સાક્ષાત્ દર્શન થયાં. ગજન તો પ્રેમવિભોર બની નૃત્ય કરવા લાગ્યા. સૌને એવો આનંદ આવ્યો કે પ્રભુને સોનાના પલને ઝુલાવ્યા હોત તો પણ આવા સુખનો અનુભવ ન થાત!

શ્રીમહાપ્રભુજીએ આ શ્રીનવનીતપ્રિયજીને ગજનધાવનને માથે પધરાવ્યા. સેવાની બધી રીત શીખવી. આજ્ઞા કરી : 'ગજન, આ પ્રભુ અમારું સર્વસ્વ છે. તેમનામાં મન લગાડીને પ્રેમથી એમને લાડ લડાવજો. એમાં જ તમને પરમ ફલ પ્રાપ્ત થશે.'

ગજન પ્રેમવિવશ બની શ્રીનવનીતપ્રિયજીને પધરાવી પોતાના ઘેર આગ્રા આવ્યા.

સૌ એકધ્યાન થઈને સાંભળી રહ્યા હતા. ઘડિયાળમાં અગિયાર વાગવા આવ્યા હતા. દાદાજી પૂછે છે :

'કાલે સવારે વહેલા ઊઠી, ન્હાઈધોઈ શ્રીજીબાવાનાં મંગળાનાં દર્શન કરવા જવાનું છે ને?' 'હા વળી, જરૂર.' સૌએ કહ્યું. 'તો હવે અહીં વિરામ કરીએ. આગળની વાર્તા કાલે જોઈશું.'

'ભલે.' સૌએ આશ્રયપદનું ગાન કર્યું.

૫. ગજનધાવન અને શ્રીનવનીતપ્રિયજી

પરસ્પર અનોખો પ્રેમ અને આસક્તિ

સવારમાં શ્રીગોવર્ધનધર પ્રભુનાં મંગલા અને શૃંગારનાં દર્શન કરી સૌ લાલનનાં મંગળાનાં દર્શન કરવા આવ્યાં છે. લાલનને

ગુલાબી રંગનો વાઘો, ઓઢણી અને ગુલાબી રંગનો પાઘ ધરેલાં છે. દર્શન કરતાં સૌને ગજનધાવનની યાદ આવી ગઈ.

'દાદાજી, ગજનધાવન લાલનને પોતાના ઘેર આગ્રા પધરાવી ગયા હતા એમ તમે ગઈકાલે કહેલું ને? તો લાલન અહીં મંદિરમાં કેવી રીતે પધાર્યા?' આરતીએ દર્શન કરતાં કરતાં પૂછ્યું.

'દર્શન કરીને આપણે મુકામ ઉપર જઈએ છીએ. ત્યાં હું તને તારા પ્રશ્નનો જવાબ આપીશ.' દાદાજીએ કહ્યું.

સૌ મુકામ ઉપર આવ્યાં. ચ્હા નાસ્તો કરી દાદાજીની સામે ગોઠવાઈ ગયાં. 'હં....દાદાજી, ચાલો હવે ગઈકાલની અધૂરી વાર્તા કહો.' જયતીએ કહ્યું.

દાદાજીએ સૌની ઈંતેજારી જોઈ વાર્તા કહેવાની શરૂઆત કરી.

'ગજનધાવન શ્રીનવનીતપ્રિયજીને પધરાવીને આગ્રા પોતાના ઘેર આવ્યા. પરમ પ્રેમથી તેમની સેવા કરવા લાગ્યા. ઘરમાં ધન ઘણું હતું. વેપાર-ધંધો બંધ કરી દીધા હતા. કોઈ લૌકિક જવાબદારી હતી નહિ. એક નોકર હતો. એ સવારે બજારમાંથી જોઈતી ચીજવસ્તુઓ લાવી આપે. પછી ચાલ્યો જાય. એટલે ગજન ઘરનાં બારણાં બંધ કરીને સેવામાં નહાય. જાતે સુંદર સામગ્રી બનાવે. અર્ધી સામગ્રી થાય એટલે મંદિર ખોલીને શ્રીનવનીતપ્રિયજીને જગાવે. મંગળભોગમાં બાલભોગની સામગ્રી કરી હોય તે ધરે.'

'બાલભોગની સામગ્રી એટલે કઈ સામગ્રી?'

'બાલભોગની સામગ્રી એટલે અનસખડીની ઠોર, બુંદી, મોહનથાળ, જલેબી, મગજ જેવી સામગ્રી. શ્રીઠાકોરજીને દૂધ-દહીં વગેરે સાથે આ સામગ્રી ધરે. પ્રેમપૂર્વક આરોગવા માટે વિનંતી કરે. શ્રીઠાકોરજી આરોગે. ગજનધાવન બાકી રહેલી સામગ્રી સિધ્ધ કરવા જાય એટલે મંદિરમાંથી લાલન ગજનને બોલાવે : 'ગજન, તું મારી પાસે બેસ. મને એકલાને ગમતું નથી.'



ગજનધાવનને ઘોડો બનાવી શ્રીનવનીતપ્રિયજી
તેમની પીઠ ઉપર બિરાજ્યા છે.

ગજન સામગ્રી સિધ્ધ કરતાં કરતાં કહે : 'બાવા, હું અહીં જ છું. આ રહ્યો. જુઓ, ક્યાંય નથી ગયો. આપ આરોગો.' આમ બંને વચ્ચે વાતો ચાલ્યા કરે. પછી રસોઈ થઈ જાય એટલે મંગળભોગ સરાવી ગજન લાલનને સ્નાન-શૃંગાર કરાવે. શૃંગાર થઈ ગયા પછી આગ્રાના વૈષ્ણવો ગજનને ઘેર લાલનનાં દર્શન કરવા આવે. સૌને લાલન પ્રસન્નતાથી દર્શન આપે. કોઈવાર મહાનુભાવ સંતદાસજી પણ એમને ઘેર આવતા. દર્શન કરીને ઘણા પ્રસન્ન થતા. ગજનને ધન્યવાદ આપતા. બંને ભગવદીયો એકબીજાને ઓળખી ગયા હતા.

વૈષ્ણવો શૃંગારનાં દર્શન કરીને જાય એટલે ગજન ઘરનાં બારણાં બંધ કરી દે. પ્રભુને રાજભોગ ધરે. અનોસર કરે. અનોસરમાં પણ મંદિરના બંધ દ્વાર પાસે જ બેસી રહે, ત્યાંથી ખસે નહિ. હવે ગજનને કથાવાર્તા, ભજનકીર્તન બધું છૂટી ગયું હતું. રાતદિવસ લાલનની સાથે જ રહેતા. બંનેને પરસ્પર એકબીજાની આસક્તિ થઈ ગઈ હતી.

લાલન દરરોજ ગજન સાથે ખેલે છે. ગજનને ઘોડો બનાવે અને પોતે પીઠ ઉપર બિરાજીને એને દોડાવે. આમ કરતાં એમના ઘૂંટણ ઘસાઈ ગયાં. શ્રીઠાકોરજી એમને બાળસ્વરૂપે અને કિશોર સ્વરૂપે એમ બંને ભાવથી ઘણું સુખ આપે છે.

આમ સેવા કરતાં કરતાં વર્ષો વીત્યાં. ગજનધાવન હવે વૃધ્ધ થયા છે. દેહ અશક્ત થયો છે. સેવા બરોબર થઈ શકતી નથી. મન શ્રીનવનીતપ્રિયજીમાં એવું ઓતપ્રોત થઈ ગયું છે કે શ્રીઠાકોરજીને અનોરસ કરવાનું પણ ભૂલી જાય છે.

શ્રીઠાકોરજીએ જાણ્યું કે હવે ગજનથી સેવા બનશે નહિ. એટલે એક દિવસ આજ્ઞા કરી : 'ગજન, તું હવે મને શ્રીમહાપ્રભુજીની પાસે ગોકુળ પધરાવી જા.'

ગજન તો આ સાંભળી આકળવિકળ થઈ ગયા. 'પ્રાણેશ, આપ પધારશો પછી આપના વિના હું કેવી રીતે જીવીશ?'



ગજન ધાવન શ્રીનવનીતપ્રિયજીને ઝાંપીજીમાં પધરાવી
આગ્રાથી ગોકુળ શ્રીમહાપ્રભુજી પાસે જઈ રહ્યા છે.
આગ્રાના વૈષ્ણવો તેમને વળાવવા આવ્યા છે.

લાલન આજ્ઞા કરે છે : 'ગજન, ગભરાઈશ નહિ. જ્યાં હું રહું ત્યાં તું પણ મારી પાસે જ રહેજે. મને પણ તારા વગર નહિ ગમે.' શ્રીઠાકોરજીના આ મધુર વચનો સાંભળીને ગજનને કંઈક ધીરજ આવી. શ્રીઠાકોરજીની આજ્ઞા માનીને, તેમને લઈને શ્રીમહાપ્રભુજીને ઘેર જવા તૈયાર થયા. ઘરની બધી ચીજવસ્તુઓ શ્રીમહાપ્રભુજીને અંગીકાર કરાવવા માટે એક ગાડામાં ભરાવી લીધી. શ્રીઠાકોરજીને રાજભોગ સુધી પહોંચીને ઝાંપીજીમાં પધરાવી પોતે ગોકુળ જવા નીકળ્યા. ઘેરથી નીકળતી વખતે આગ્રાના વૈષ્ણવોને બોલાવ્યા, બધી વાત કરી. કહ્યું : 'આ મારું ઘર છે, તે વેચીને તેના જે પૈસા આવે તે શ્રીમહાપ્રભુજીને ત્યાં પહોંચાડી દેજો. હવે હું મારા લાલનની સાથે શ્રીમહાપ્રભુજીને ત્યાં જ રહીશ.'

ગજનધાવનની વિદાયની વાતથી આગ્રાના વૈષ્ણવોને ઘણું દુઃખ થયું. સૌ તેમને વળાવવા માટે આવ્યા. કેટલાક વૈષ્ણવો તો ગોકુળ સુધી સાથે આવ્યા. સંતદાસજીએ સૌને ધીરજ બંધાવી. શ્રીનવનીતપ્રિયજી અને ગજનધાવન ગોકુળ પધાર્યા પછી એ મહોલ્લામાં સૂનકાર વ્યાપી ગયો.

શ્રીમહાપ્રભુજી રાત્રે કથા કરી રહ્યા હતા તે સમયે ગજન ત્યાં આવી પહોંચ્યા. આપશ્રીને દંડવત્ પ્રણામ કરી વિનંતી કરીઃ 'કૃપાનાથ, શ્રીનવનીતપ્રિયજી પધાર્યા છે.'

'આમ અચાનક?' આપશ્રીને આશ્ચર્ય થયું.

'કૃપાનાથ, લાલને આજ્ઞા કરી એટલે પધરાવી લાવ્યો.'

શ્રીમહાપ્રભુજી ગજનની અવસ્થા જાણતા હતા. આપ તરત સમજી ગયા. પ્રભુએ આજ્ઞા કરી હશે ત્યારે જ ગજને પધરાવ્યા હશે. આપશ્રીએ સામગ્રી કરાવી. પ્રભુને શયનભોગ ધર્યો. તે સમયે લાલનને પોઢાડવા માટે શૈયાજી તૈયાર નહોતાં, એટલે શ્રીવલ્લભ



શૈયાજી તૈયાર ન હોવાથી શ્રીમહાપ્રભુજી
લાલનને પોતાની સાથે પોઢાવે છે.

પોતાના શ્રીઅંગ ઉપર સુગંધિત સોંધો લગાવીને લાલનને પોતાની સાથે લઈને પોઢ્યા.

બીજા દિવસે લાલન માટે નવી શૈયા બનાવડાવી. પણ શ્રીનવનીતપ્રિયજી કહે છે : 'આ શૈયા તો નાની છે. હું તો આપની સાથે જ પોઢીશ.' બીજા દિવસે પણ સાથે જ પોઢયા. વળી ત્રીજા દિવસે મોટી શૈયા બનાવી, પ્રભુને સમજાવી તેના ઉપર પોઢાવ્યા. મર્યાદા તો સાચવવી જ જોઈએ ને!'

'આરતી, તારા પ્રશ્નનો જવાબ મળ્યો? ગજનને ત્યાંથી લાલન શ્રીમહાપ્રભુજીને ઘેર આ રીતે પધાર્યા. શ્રીમહાપ્રભુજી થોડા દિવસ ગોકુળ બિરાજી પછી અડેલ પધાર્યા. શ્રીનવનીતપ્રિયજી અને ગજન પણ આપશ્રીની સાથે અડેલ પધાર્યા.'

'ચાલો હવે આપણે સૌ શ્રીજીબાવાનાં રાજભોગનાં દર્શન કરી આવીએ. આગળની વાર્તા રાત્રે સત્સંગમાં કરીશું' દાદાજીએ કહ્યું અને સૌ દર્શન કરવા માટે નીકળ્યાં.

૬. ગજનધાવનની વ્યસનદશા

રાત્રે સત્સંગનો સમય થતાં જ આરતી અને જયતી સૌની સાથે દાદાજીની સામે બેસી ગયાં.

'દાદાજી, આજે પણ સત્સંગમાં ગજનની અને લાલનની વાર્તા જ કહેવાની છે. હોંને.!' લાલનની વાર્તા સાંભળવામાં બંનેને ખૂબ રસ પડી રહ્યો હતો.

'ભલે, ભલે. ગજનની વાર્તા જ આજે કહીશું. કહો જોઈએ, સવારે આપણે ક્યાં સુધી વાર્તા કરી હતી?'

'શ્રીમહાપ્રભુજીની સાથે ગજન અને લાલન પણ અડેલ પધાર્યા છે ત્યાં સુધી.' બંને એકી સાથે બોલી ઉઠયાં.

હા, તો હવે આગળ જોઈએ. અડેલમાં લાલનને ભીતર



ગજનધાવનને અક્કાજીએ પાન લાવવા મોકલ્યા છે, ત્યારે પ્રભુના વિરહમાં બેભાન થઈને તેઓ રસ્તા ઉપર પડી ગયા છે.

મંદિરમાં પધરાવ્યા છે. શ્રીમહાપ્રભુજી અને શ્રી અક્કાજી તેમની સેવા કરે છે. ગજન નિજમંદિરના દ્વાર પાસે બેસી રહે છે. મનોમન પ્રભુ સાથે વાતો કર્યા કરે છે. હવે ગજનને વ્યસનદશા પ્રાપ્ત થઈ છે.

'દાદાજી, વ્યસનદશા એટલે શું?'

'કેટલાક માણસોને કોઈને કોઈ બાબતનું વ્યસન હોય છે. જેમકે આપણા ઘરમાં બધાંને ચા પીવાનું વ્યસન છે. સવારે ઊઠીને ચા ન પીએ તો કાંઈ ગમે નહિ. માથું દુઃખે. ચા ક્યારે મળશે એની ચિંતામાં જ બધાં સમય પસાર કરે. ચા મળે ત્યારે ચેન પડે. એવી રીતે ગજનને શ્રીઠાકોરજીનું વ્યસન થઈ ગયેલું. લાલનનાં દર્શન ન થાય તો તેમને ગમે નહિ. આકળવિકળ થઈ જાય. જ્યારે લાલન દર્શન આપે ત્યારે તેમના મનને કળ પડે. ભક્તને ભગવાન વગર ન ગમે અને તે જ સમયે ભગવાનને પણ તેના ભક્ત વગર ન ગમે તેવી અવસ્થાને વ્યસનદશા કહેવાય. ગજનને અને શ્રીનવનીતપ્રિયજીને એવું થયેલું. પરસ્પર એકબીજા વગર જરાયે રહી ન શકે. તેથી જ ગજન મંદિરના દ્વાર પાસેથી જરાયે ખસતા નથી.

એક દિવસની વાત છે. શ્રીમહાપ્રભુજીનાં વહુજી શ્રીમહાલક્ષ્મીજી (શ્રી અક્કાજી)એ પ્રભુને રાજભોગ ધર્યો છે. પછી જોયું તો બીડાં બનાવવા માટે પાન નહોતાં. એ સમયે મંદિરમાં બીજું કોઈ હાજર ન હતું એટલે શ્રીઅક્કાજીએ ગજનને આજ્ઞા કરી : 'ગજન, જરા બજારમાંથી પાન લાવી આપો ને!'

ગજને આજ્ઞા માથે ચઢાવી. શ્રીઠાકોરજી પાસેથી જવું ગમતું ન હતું, પરંતુ ગુરુઆજ્ઞાનું પાલન તો કરવું જ જોઈએને! ગજન પાન લેવા ચાલ્યા. થોડે આગળ ગયા ત્યાં તો પ્રભુનો વિરહ સહન ન થવાથી તાવ ચડી આવ્યો. આગળ ચાલી ન શક્યા. મૂર્છા આવી ગઈ. બેભાન થઈને રસ્તા ઉપર ઢળી પડયા.

આ બાજુ મંદિરમાં ભોગ સરાવવાનો સમય થયો ત્યાં સુધી



ગજનને ખૂબ તરસ લાગી છે. શ્રીનવનીતપ્રિયજી
પોતાનાં ઝારીજી લઈ તેમને જળ પાવા પધાર્યા છે.

ગજન પાન લઈને ન આવ્યા. તેથી શ્રીઅક્કાજીએ બીજા માણસને પાન લેવા મોકલ્યો. તે પાન લઈને આવ્યો. બીડાં સિધ્ધ થયાં પછી રાજભોગ સરાવવા પધાર્યાં. જુએ છે તો શ્રીનવનીતપ્રિયજી ઉદાસ થઈને હાથ ખેંચીને બિરાજી રહ્યા છે. રાજભોગ આરોગ્યા જ નથી. કહે છે : 'મારો ગજન આવશે પછી જ હું રાજભોગ આરોગીશ.'

આપે બે વૈષ્ણવોને દોડાવ્યા. જ્યાં હોય ત્યાંથી શોધીને ગજનને બોલાવી લાવવા આજ્ઞા કરી. તેમણે જોયું તો ગજન રસ્તા ઉપર બેશુદ્ધ હાલતમાં પડયા છે. પાસે જઈને ગજનના કાનમાં કહ્યું : 'ગજન, તમને શ્રીનવનીતપ્રિયજી યાદ કરે છે. તમારા વગર રાજભોગ આરોગતા નથી. જલ્દી ચાલો.' આટલું સાંભળતાં જ ગજન મૂર્છામાંથી જાગ્રત થયા. સાવધાન થયા. દોડતા મંદિરમાં આવ્યા. દ્વાર પાસે બેસીને વિનંતી કરે છે : 'જે રાજ, હું આપની પાસે આવ્યો છું હોં, આપ કૃપા કરીને આરોગો.' અને પ્રભુ પ્રસન્ન થઈને રાજભોગ આરોગ્યા.

આવો હતો બંને વચ્ચે પ્રેમ, એકબીજા ઉપરની આસક્તિ અને એકબીજાનું વ્યસન!

આ રીતે દિવસો વ્યતીત થાય છે. ધીરે ધીરે ગજનધાવનનું શરીર અશક્ત થતું જાય છે. એક રાત્રે તેમને ખૂબ તરસ લાગી. પાસે રહેનારા વૈષ્ણવ ઊંઘી ગયા હતા. ગજનમાં એમને બોલાવવાનીયે શક્તિ ન હતી. શ્રીનવનીતપ્રિયજીએ ત્યારે તેમને સાક્ષાત્ દર્શન આપ્યાં. પોતાનાં ઝારીજીમાંથી પ્રસાદી જલ પાયું. ઘણો સ્નેહ દર્શાવ્યો. પછી સવાર થતાં તો ગજનનો દેહ છૂટી ગયો.

તે દિવસે શ્રીમહાપ્રભુજી શ્રીનવનીતપ્રિયજીને જગાવવા પધાર્યા, ત્યારે આપનું મુખારવિંદ અત્યંત ઉદાસીન જોયું. પ્રભુ પોતાના ભક્તના વિયોગથી ઘણા શ્રમિત હતા. ભક્ત તો ભગવાનનો વિરહ કરે પણ અહીં તો ભગવાન પોતાના ભક્તના વિરહથી દુઃખી છે!

છે ને નવાઈ જેવું? આપણા પુષ્ટિમાર્ગની આ જ વિશિષ્ટતા છે. અહીં ભગવાનને પોતાના ભક્ત વગર ગમતું નથી.

કેટલાક દિવસો સુધી શ્રીનવનીતપ્રિયજી ઉદાસીન રહ્યા. શ્રીવલ્લભ આશ્વાસન આપતા રહ્યા. છેવટે શ્રીવલ્લભે ગજન ધાવનને અલૌકિક દેહ પ્રદાન કરીને શ્રીનવનીતપ્રિયજીની સેવામાં સામેલ કર્યા, ત્યારે આપની ઉદાસીનતા દૂર થઈ.'

દાદાજીએ વાર્તા પ્રસંગ પૂર્ણ કરી સમજાવ્યું : 'આપણે ભક્તિવર્ધિની ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીની એક આજ્ઞા શીખ્યાં હતાં - 'ભક્તિનું બીજ દૃઢ થાય તે માટે ઘરમાં રહીને સ્વધર્મનું પાલન કરવું. અવ્યાવૃત્ત બની શ્રીકૃષ્ણને ભજવા' તે સમયે તમે મને પૂછયું હતું ને કે આ રીતે કોઈ ભક્તો જીવન જીવ્યા છે? એ પ્રશ્નનો આ ગજનધાવન જવાબ આપે છે. તેમણે ઘરમાં રહીને, અવ્યાવૃત્ત રહીને શ્રીકૃષ્ણની - શ્રીનવનીતપ્રિયજીની ખૂબ પ્રેમથી સેવા કરી. પરિણામે તેમને પ્રેમ પછી શ્રીઠાકોરજીમાં આસક્તિ અને પછી વ્યસનદશા પ્રાપ્ત થઈ. તેમને એવી સુદૃઢ ભક્તિ પ્રાપ્ત થઈ કે જે જીવનભર ટકી રહી. વ્યસન અવસ્થા પ્રાપ્ત થતાં એમનું જીવન ધન્ય થઈ ગયું. શ્રીનવનીતપ્રિયજીની એમના ઉપર એવી કૃપા થઈ કે એમની સાથે સાક્ષાત્ બોલતા, ખેલતા. એમના વગર રહી ન શકતા. અંત સમયે પણ એમની સંભાળ લઈ ઘણા સ્નેહથી એમને પોતાની ઝારીનું જળ પાયું! જ્યારે એ અલૌકિક દેહથી પાછો પોતાની સેવામાં સામેલ થયા ત્યારે પ્રભુની ઉદાસીનતા દૂર થઈ.

આમ સામાન્ય જનો માટે પ્રભુને પ્રસન્ન કરવાનું અને પ્રભુને પ્રાપ્ત કરવાનું કાર્ય મુશ્કેલ છે. તે કાર્ય આ ભક્તે પ્રભુની સેવા કરીને કર્યું. પ્રભુ સેવા વડે તેમને આધીન બન્યા. ગજને બધાં મર્યાદા સાધનો-કથાશ્રવણ, ભજનકીર્તન, ઉપવાસ વગેરે છોડીને, પુષ્ટિભાવ પ્રગટ કરીને, પ્રેમથી પ્રભુની સેવા કરી તો પ્રભુ તેમને પ્રાપ્ત થયા.

ગજનની આ વાર્તા આપણને પણ પ્રભુની સેવા ખૂબ પ્રેમથી, તેમનામાં તન્મય થઈને, અવ્યાવૃત્ત થઈને કરવાનું શીખવે છે.

આજે ઘણો સમય થઈ ગયો છે. ચાલો હવે આશ્રયનું પદ બોલીએ.

૭. શ્રીઅક્કાજીને બ્રહ્મસંબંધ

બીજા દિવસે રાત્રે સત્સંગના સમયે સૌ ભેગાં થયાં.

'દાદાજી, ગઈકાલે તમે ગજનધાવનની વાર્તા કહી. તેમાં શ્રીનવનીતપ્રિયજી ગજન સાથે વાતો કરતા હતા. એ રીતે શ્રીનવનીતપ્રિયજી એમના બીજા કોઈ ભક્તો સાથે વાતો કરતા ખરા? આપણે દર્શન કરવા જઈએ છીએ ત્યારે તેઓ આપણી સાથે તો બોલતા નથી?' આરતીએ પૂછયું.

'શ્રીઠાકોરજી પોતાની પ્રેમથી સેવા કરનાર અનન્ય ભક્તો ઉપર પ્રસન્ન થાય છે અને તેમની સાથે જરૂર બોલે છે. કૃપા કરીને પોતાનો અનુભવ કરાવે છે. આપણી એવી અનન્યતા ક્યાં છે? એવો પ્રેમ ક્યાં છે? આપણે દુનિયાની સર્વ બાબતો છોડી, પૂર્ણ પ્રેમથી, એક માત્ર પ્રભુના સુખના વિચારથી એમની રાતદિવસ સેવા કરીએ તો એ કૃપા કરે અને આપણી સાથે પણ બોલે. ભગવાનને પોતાના ભક્તો બહુ ગમે છે. ભક્તોનું દુઃખ તેઓ જોઈ શકતા નથી. શ્રીનવનીતપ્રિયજી જેમની સાથે બોલ્યા છે એવા ભક્તોના પ્રસંગો આજે હું તમને કહું છું.'

'જરૂર કહો, દાદાજી. શ્રીઠાકોરજીની આવી વાતો સાંભળવામાં બહુ આનંદ આવે છે.'

'શ્રીમહાપ્રભુજી અડેલમાં બિરાજતા હતા ત્યારની વાત છે. આપશ્રીએ પોતાનાં વહુજી શ્રીમહાલક્ષ્મીજીને (શ્રીઅક્કાજીને) બ્રહ્મસંબંધ કરાવ્યું ન હતું. શાસ્ત્રની મર્યાદા છે કે પોતાનાં વહુજીને

બ્રહ્મસંબંધ કરાવી ન શકાય. હવે બ્રહ્મસંબંધ ન થાય ત્યાં સુધી શ્રીઠાકોરજીની સેવા ન થઈ શકે. તેથી શ્રીઅક્કાજી શ્રીનવનીતપ્રિયજીની સેવા ન કરી શકતાં. આ બાબતનું તેમને બહુ દુઃખ રહેતું.

શ્રીનવનીતપ્રિયજી અક્કાજીનું આ દુઃખ સહન કરી શક્યા નહિ. એક દિવસ તેમણે અક્કાજીને સાક્ષાત્ દર્શન આપ્યાં. આજ્ઞા કરીઃ 'તું ઝટપટ અપરસમાં સ્નાન કરી, મંદિરમાં આવ. હું તને બ્રહ્મસંબંધ કરાવીશ. પછી તું મારી સેવા કરી શકીશ.'

શ્રીઅક્કાજી હરખાયાં. તેઓ અપરસમાં સ્નાન કરી મંદિરમાં ગયાં. ત્યાં સિંહાસન ઉપર શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ બિરાજતું હતું. તેમની સામે બેઠાં. ત્યાં સાક્ષાત્ શ્રીનવનીતપ્રિયજી પ્રકટ થયા. તેમણે શ્રીઅક્કાજીને હાથમાં તુલસીદલ આપીને, બ્રહ્મસંબંધ મંત્ર બોલાવ્યો. પછી એ તુલસીદલ શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં સમર્પ્યાં.

અક્કાજીને શ્રીનવનીતપ્રિયજીએ આજ્ઞા કરી : 'આજે હું તારો ગુરુ બન્યો છું. મેં તને દીક્ષા આપી છે. એટલે તારે મને ગુરુભેટ ધરવી જોઈએ, તું મને ગુરુભેટ તરીકે શું ધરીશ?'

શ્રીઅક્કાજીએ કહ્યું : 'મારી પાસે તો કંઈ જ નથી. ગળામાં પહેરેલી આ એક મોતીની માળા છે.'

શ્રીનવનીતપ્રિયજીએ આજ્ઞા કરી : 'એ માળા મને ધરાવી દે. એ તારી ગુરુભેટ! આ માળા હું ચોવીસે કલાક ધારણ કરેલી રાખીશ.'

શ્રીઅક્કાજીએ તરતજ શ્રીનવનીતપ્રિયજીના સ્વરૂપને એ માળા ધરાવી દીધી. તે માળા કંઠસરી કહેવાય છે. શ્રીનવનીતપ્રિયજી તે સદૈવ ધારણ કરે છે.

આ રીતે શ્રીનવનીતપ્રિયજીએ સ્વયં બ્રહ્મસંબંધ આપી, શ્રી અક્કાજીની ભેટ અને સેવા અંગીકાર કરી, તેમનું દુઃખ દૂર કર્યું.

એકવાર શ્રીઅક્કાજી ગર્ભવતાં હતાં. શ્રીગુસાંઈજીના પ્રાકટયનો સમય નજીક આવ્યો હતો. શ્રીનવનીતપ્રિયજી કૃપા કરી શ્રીઅક્કાજીને દરરોજ સ્વપ્નમાં દર્શન આપતા અને તેમની સામે જોઈ હસતા.

શ્રીઅક્કાજીએ શ્રીમહાપ્રભુજીને આનું કારણ પૂછયું. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : શ્રીનવનીતપ્રિયજી તમને દર્શન આપી, તમારી સામે જોઈ હસીને એમ સૂચવે છે કે તેઓ તમારે ત્યાં પુત્ર રૂપે પ્રગટ થશે. તેમણે ગોકુળમાં પુત્ર રૂપે પ્રગટ થઈ શ્રી યશોદાજીને માતાનું સુખ આપ્યું હતું, એવું જ સુખ તેઓ તમને પણ આપશે.

આ સાંભળી શ્રીઅક્કાજી ઘણાં પ્રસન્ન થયાં. માગસર વદ નોમના દિવસે તેમને ત્યાં સાક્ષાત્ શ્રીઠાકોરજી શ્રીગુસાંઈજી-શ્રીવિઠ્ઠલનાથજી સ્વરૂપે પ્રકટ થયા. આમ શ્રીનવનીતપ્રિયજીએ શ્રીઅક્કાજી ઉપર ઘણી કૃપા કરી.

'દાદાજી, શ્રીનવનીતપ્રિયજી અડેલમાં બિરાજતા હતા, તો પછી અહીં નાથદ્વારા કયારે પધાર્યા?' બાળકોને એક પછી એક પ્રશ્નો જાગતા જ હતા.

'શ્રીનવનીતપ્રિયજી અડેલથી મથુરા થઈ ગોકુળ અને પછી ત્યાંથી નાથદ્વારા પધાર્યા છે. એ બધા સ્થળોએ આપે ભક્તોને અનેક અનુભવો કરાવ્યા છે. સાનુભાવ જતાવ્યા છે, વાતો કરી છે. આ બધા પ્રસંગો આપણે આવતી કાલે રાત્રે સત્સંગમાં જોઈશું. આજે આશ્રયનું પદ બોલીએ.

૮. શ્રીનવનીતપ્રિયજી ગોકુળમાં

રાત્રે સત્સંગના સમયે આરતી અને જયતી દાદાજીની સામે ગોઠવાઈ ગયાં.

'દાદાજી, તમે ગઈકાલે કહ્યું હતું કે શ્રીનવનીતપ્રિયજી મથુરા

થઈ ગોકુળ પધાર્યા. ગોકુળમાં પણ ભક્તોને કૃપા કરી ઘણા અનુભવ કરાવ્યા. એની વાર્તા તમારે આજે અમને કહેવાની છે. બરોબર?' જયતીએ દાદાજીને ગઈકાલની વાત યાદ કરાવી.

'બરોબર બેટા, આજે હું તમને શ્રીનવનીતપ્રિયજીની કૃપાના અવનવા પ્રસંગો કહીશ, જેનો અનુભવ ગોકુળમાં શ્રીનવનીતપ્રિયજી બિરાજ્યા ત્યારે આપે પોતાના ભક્તોને કરાવ્યો છે.' દાદાજીએ ગળું ખોંખારી શરૂઆત કરી.

શ્રીમહાપ્રભુજી નિત્યલીલામાં પધાર્યા પછી શ્રીગુસાંઈજી શ્રીનવનીતપ્રિયજીની સેવા કરતા હતા. અડેલમાં મુસલમાન લશ્કરો વારંવાર ચડી આવતા હતા, તેથી શ્રીગુસાંઈજી પોતાના પરિવાર અને શ્રીનવનીતપ્રિયજી વગેરે સેવ્ય સ્વરૂપોને પધરાવી મથુરા પધાર્યા. મથુરા થોડો સમય બિરાજ્યા પછી આપ ગોકુળ પધાર્યા. ગોકુળગામ વસાવ્યું. શ્રીનવનીતપ્રિયજી માટે સુંદર મંદિર બનાવવાનો વિચાર કર્યો. મહા વદ સાતમનો દિવસ હતો. રાત્રે આપ પોઢયા હતા. યાદવેન્દ્રદાસ નામના આપના એક સેવક આપશ્રીની ચરણ સેવા કરી રહ્યા હતા. મધ્યરાત્રિ થવા આવી હતી. ત્યારે આપે અનાયાસે આજ્ઞા કરીઃ 'યાદવેન્દ્રદાસ, શ્રીનવનીતપ્રિયજી માટે સુંદર મંદિર બનાવવું છે. તેનો પાયો ખોદવા માટે અત્યારનું મુહૂર્ત સૌથી શ્રેષ્ઠ છે. આ મુહૂર્તમાં જો તેનો પાયો ખોદાય, તો તે મંદિર કદી નાશ પામશે નહિ.' આમ આજ્ઞા કરીને આપશ્રી પોઢી ગયા. આપને નિદ્રા આવેલી જાણી યાદવેન્દ્રદાસ દંડવત્ પ્રણામ કરી બહાર આવ્યા.

યાદવેન્દ્રદાસને ગુરુઆજ્ઞામાં દૃઢ વિશ્વાસ હતો. તેઓ તરત ત્રિકમ-પાવડા વગેરે લઈ આવ્યા. ત્રણ કલાકમાં તો મોટા મંદિરના પાયા એકલા હાથે ખોદી કાઢયા. બાજુમાં માટીના મોટા ઢગલા થઈ ગયા. સવાર થતાં પહેલાં મંદિરના પાયા ખોદી તેઓ તેમના મુકામે જઈ સૂઈ ગયા.

સવારે શ્રીગુસાંઈજી જાગ્યા. આપે મંદિર બનાવવાની જગ્યા ઉપર માટીના મોટા ઢગલા જોયા. આપે વૈષ્ણવોને પૂછયું : 'કાલે રાત સુધી અહીં આવા માટીના ઢગલા ન હતા. રાતમાં આટલી બધી માટી ક્યાંથી આવી ગઈ? અહીં કોણે આ ઢગલા કર્યા છે?'

એક વૈષ્ણવે કહ્યું : 'કૃપાનાથ, સવારે હું અહીં આવ્યો હતો ત્યારે મને યાદવેન્દ્રદાસ સામે મળ્યા હતા. તેમણે કહ્યું કે કાલે રાત્રે આપ પોઢયા પછી તેમણે મંદિરનો પાયો ખોદ્યો છે. આપે ઉત્તમ મુહૂર્તની આજ્ઞા કરી, તે જ મુહૂર્તમાં આ પાયો ખોદાયો છે.'

આ સાંભળી શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયા. શ્રીગુસાંઈજી અને શ્રીનવનીતપ્રિયજીની કેવી કૃપા કે આટલા મોટા મંદિરનો પાયો યાદવેન્દ્રદાસથી એક રાતમાં, ફક્ત ત્રણ કલાકમાં જ ખોદાઈ ગયો! આ પાયા પૂરતાં કારીગરોને એક મહિનો લાગ્યો હતો. શ્રીગુસાંઈજીએ કારીગરોને બોલાવી તરત મંદિરના નિર્માણનું કાર્ય શરૂ કર્યું. સુંદર મંદિર સિધ્ધ થયું. શ્રીનવનીતપ્રિયજી વગેરે સ્વરૂપોને તેમાં પધરાવ્યા. આ મંદિર 'રાજાઠાકુર'ના મંદિર તરીકે જાણીતું થયું. આજે ચારસો વર્ષ પછી પણ શ્રીમદ્ ગોકુળમાં શ્રીગોકુલનાથજી મંદિરની બાજુમાં આ મંદિર અડીખમ ઊભું છે!

આ મંદિરમાં શ્રીનવનીતપ્રિયજીની સેવા શ્રીગુસાંઈજી અને તેમના પરિવાર દ્વારા સુંદર રીતે થઈ રહી હતી. શ્રીગુસાંઈજી દરરોજ શ્રીનવનીતપ્રિયજીના શૃંગાર કરી જતિપુરા શ્રીગિરિરાજજી ઉપર શ્રીગોવર્ધનનાથજીની સેવામાં પધારતા. એકવાર આ રીતે શ્રીગુસાંઈજી ગિરિરાજ પધાર્યા હતા. શ્રીગુસાંઈજીનાં બેટીજી શ્રીશોભા બેટીજી શ્રીનવનીતપ્રિયજીની સેવામાં હતા. ત્યાં શ્રીગુસાંઈજીના સેવક રાજા આશકરણજી ગોકુળ આવ્યા. રાજા

આશકરણજી એ સમયે વિરક્ત દશામાં વ્રજમાં ફરતા રહેતા. માનસી સેવામાં મગ્ન રહેતા. વ્યસન અવસ્થા સિધ્ધ થયેલી. ભૂખ-તરસ વગેરેનું પણ તેમને કોઈ ભાન ન રહેતું. શ્રીશોભા બેટીજીને રાજા આશકરણજીના આવ્યાની ખબર મળી. તે સમયે શ્રીનવનીતપ્રિયજીને રાજભોગ ધરવાની તૈયારી થઈ રહી હતી.

શ્રીશોભા બેટીજીએ વિચાર કર્યો : 'રાજા આશકરણજી શ્રીનવનીતપ્રિયજીને રાજભોગ સરે ત્યાં સુધી રોકાશે નહિ. તેઓ તો જેવા આવ્યા છે તેવા તરત પાછા વળી જશે.' એટલે તેમણે શ્રીનવનીતપ્રિયજીને આરોગવાનો થાળ રાજા આશકરણજીની પાતળમાં ધરી દીધો. શરીરનું અનુસંધાન ગુમાવી બેઠેલ આશકરણજી તો ભોજન કરીને ચાલ્યા ગયા.

શ્રીશોભા બેટીજીએ ફરી રાજભોગ માટેની તૈયારી કરી. તેથી પ્રભુને રાજભોગ ધરવામાં ઠીક ઠીક વિલંબ થયો. શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજજીથી પાછા પધાર્યા, ત્યારે તેમણે જોયું કે હજી રાજભોગ સર્યા નથી. તેમણે કારણ પૂછ્યું. શ્રીશોભા બેટીજીએ બધા હકીકત જણાવી. શ્રીનવનીતપ્રિયજીએ શ્રીગુસાંઈજીને કહ્યું: 'આજે હું બે વખત રાજભોગ આરોગ્યો છું. પહેલી વખત આશકરણજીના હૃદયમાં બિરાજી આરોગ્યો અને બીજી વખત મંદિરમાં બિરાજીને. એટલે મોડું થયું છે એવી ચિંતા તમે ન કરશો.'

શ્રીગુસાંઈજી શોભા બેટીજી ઉપર ઘણા પ્રસન્ન થયા. આપે આજ્ઞા કરી : 'શોભા, પુષ્ટિમાર્ગનું સાચું સ્વરૂપ તેં જાણ્યું છે.'

'શ્રીનવનીતપ્રિયજી આ રીતે શ્રીગુસાંઈજીના બીજા એક સેવકની સેવાથી પણ બહુ પ્રસન્ન થયેલા. આજે ઘણું મોડું થયું છે. કાલે આપણે આ પ્રસંગ જોઈશું. આજે આશ્રયનું પદ બોલીએ.

૯. રીઝ્યા શ્રીનવનીતરાય

રાત્રે સત્સંગના સમયે સૌ જલ્દી આવી ગયાં. આજે દાદાજી શ્રીગુસાંઈજીના એક સેવકની વાર્તા કહેવાના હતા. જેમણે શ્રીનવનીતપ્રિયજીને પ્રસન્ન કરેલા.

'દાદાજી, એ સેવકનું નામ શું હતું, જેમણે શ્રીનવનીતપ્રિયજીને પ્રસન્ન કરેલા?' આરતીએ પૂછ્યું.

'એ સેવકનું નામ હતું ધોંધી.' દાદાજીએ પ્રસંગ કહેવાની શરૂઆત કરી. 'ધોંધી સંગીતકળામાં પાવરધા હતા. મૃદંગ સરસ વગાડતા. કંઠ પણ મધુર હતો. ઘણા વર્ષો સુધી સંગીત સાધના કરીને હવે એ કળાનો ઉપયોગ કરી, સંગીતના જલસામાં ગાયન-વાદન દ્વારા પોતાનું ગુજરાન ચલાવતા હતા.

એકવાર કંઈક કામપ્રસંગે ગોકુળ આવ્યા. ઠકુરાણીઘાટ ઉપર શ્રીગુસાંઈજી બિરાજતા હતા. શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં પ્રથમ દર્શને જ આપશ્રીનું અલૌકિક સ્વરૂપ ધોંધીના નેત્રોમાં વસી ગયું. નિશ્ચય કર્યો કે આમનો સેવક થાઉં. શ્રીગુસાંઈજીને વિનંતી કરી. શ્રીગુસાંઈજીએ તેમને અષ્ટાક્ષર મંત્ર આપી તુલસીની કંઠી પહેરાવી, તે સાથે જ ધોંધીને શ્રીગુસાંઈજીની કૃપાથી અલૌકિક ભગવદ્ લીલાનાં સાક્ષાત્ દર્શન થવા લાગ્યાં. તેમણે તરત જ એ લીલાનું કીર્તન રચીને ગાયું. તે સાંભળી શ્રીગુસાંઈજી ઘણા પ્રસન્ન થયા. આપશ્રીએ આજ્ઞા કરી : 'ધોંધી, હવે તમે અહીં જ રહો. દરરોજ શ્રીનવનીતપ્રિયજીની સન્મુખ કીર્તન ગાવ અને કીર્તનસેવા કરો.'

ત્યારથી ધોંધી શ્રીનવનીતપ્રિયજીની સન્મુખ આઠે સમામાં કીર્તનસેવા કરતા. એક વખત શ્રીગુસાંઈજી શ્રીગિરિરાજ પધાર્યા હતા. શ્રીગુસાંઈજીના જયેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજી શ્રીનવનીતપ્રિયજીની સેવા કરતા હતા. રાજભોગ દર્શનનો સમય હતો. ધોંધી પ્રેમથી કીર્તન કરતા



ધોંધીના કીર્તન સાંભળી પ્રસન્ન થયેલ શ્રીનવનીતપ્રિયજી
તાલ આપે છે. તે જોઈ શ્રીગિરિધરજી પોતાના શ્રીહસ્તનાં
કડાં ઉતારી, પ્રભુને ન્યોછાવર કરી, ધોંધીને આપે છે.

હતા. તે દિવસે એટલું સુંદર કીર્તનગાન થયું, રાગ અને તાલનો એવો મેળ જામ્યો કે સ્વયં શ્રીનવનીતપ્રિયજી કીર્તન સાંભળીને પોતાના શ્રીહસ્તથી પોતાના સાથળ ઉપર તાલ આપવા લાગ્યા!

શ્રીગિરિધરજીએ આ દર્શન કર્યાં. આપશ્રી ખૂબ પ્રસન્ન થયા. શ્રીહસ્તમાં પહેરેલાં સોનાનાં કડાં તરત જ ઉતારી, શ્રીનવનીતપ્રિયજીને ન્યોછાવર કરી, ધોંધીને આપી દીધા!

શ્રીગુસાંઈજી ગોકુળ પાછા પધાર્યા. આપે આ પ્રસંગ સાંભળ્યો. સાંભળીને પ્રસન્ન થયા. શ્રીગિરિધરજીને આજ્ઞા કરી : 'ગોવર્ધન, બસ કડાં જ આપ્યા? બીજું વધારે આપવું હતું ને? આપણા પ્રભુ પ્રસન્ન થાય ત્યારે સર્વસ્વ ન્યોછાવર કરી દઈએ તોયે ઓછું કહેવાય. આપણા પ્રભુ કલાના સાગર છે. કલામાં બેનમૂન છે. સંગીતના બધા કલાકારોમાં તેમનો જ અંશ છે. એટલે આપણા પ્રભુ જ્યારે કોઈક કલાકારથી રીઝે ત્યારે એ કલાકારની કલાના તો શું વખાણ કરીએ? તે કલાકારના ભાગ્યની શું વાત કરીએ? આવું તો ભાગ્યે જ બને. આપણો માર્ગ પ્રભુની પ્રસન્નતાનો છે. પ્રભુ પ્રસન્ન થાય એ જ આપણી સેવાનું ધ્યેય હોવું જોઈએ.'

'દાદાજી, આ રીતે શ્રીનવનીતપ્રિયજી પ્રસન્ન થયા હોય એવા બીજા પ્રસંગો પણ કહોને!' બાળકોને વાર્તા સાંભળવામાં ખૂબ રસ પડી રહ્યો હતો.

'અરે, તમારા લોભનો તો કોઈ પાર જ નથી.'

'બસ દાદાજી, એક જ પ્રસંગ કહો. પછી કાલે.'

'ભલે, સાંભળો.' દાદાજી બાળકોની જિજ્ઞાસા જોઈ રાજી થયા. તેમણે શ્રીનવનીતપ્રિયજીની પ્રસન્નતાનો એક બીજો પ્રસંગ કહેવાની શરૂઆત કરી.

એક સનાઢ્ય બ્રાહ્મણ. નામ હતું ગોવિંદદાસ. મથુરામાં રહેતા. નૃત્યમાં પારંગત. એમનું નૃત્ય જોઈ પ્રેક્ષકો ખુશ થઈ જતા.

એક દિવસ તેમને એક મિત્રે સમાચાર આપ્યા. ગોકુળમાં વૈષ્ણવોના ધર્મગુરુ શ્રીગુસાંઈજી મહારાજ છે. તેમને નૃત્ય-સંગીત ઘણાં પ્રિય છે. કલાકારોની બહુ સારી કદર કરે છે.'

સાંભળીને ગોવિંદદાસ શ્રીગુસાંઈજી પાસે પહોંચી ગયા. આપના પ્રભાવશાળી સ્વરૂપનાં દર્શન કરતાં જ તેમનું મન શ્રીગુસાંઈજીમાં લાગી ગયું. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : 'આવો ગોવિંદદાસ, અમે સાંભળ્યું છે કે તમે નૃત્ય બહુ સુંદર કરો છો. અત્યાર સુધી તમે અનેક મનુષ્યોને તમારું નૃત્ય બતાવી રાજી કર્યા છે. તેમની પ્રશંસા મેળવી છે. ઘણું માનપાન પામ્યા છો. આજે તમારું નૃત્ય શ્રીઠાકોરજીને બતાવો. શ્રીઠાકોરજી નૃત્યમાં જેટલા પ્રવીણ છે, એટલું બીજું કોઈ નથી. માટે આજે શ્રીઠાકોરજી સામે નૃત્ય કરી, તેમની કૃપા પામો.'

'ભલે મહારાજ, જેવી આજ્ઞા.' ગોવિંદદાસ ત્યાં બેઠા. શ્રીગુસાંઈજી સેવામાં પધાર્યા. શ્રીનવનીતપ્રિયજીના શૃંગાર કરી દર્શન ખોલ્યાં. શ્રીગુસાંઈજીની આજ્ઞાથી ગોવિંદદાસે શ્રીઠાકોરજી સમક્ષ સુંદર નૃત્ય કર્યું. નૃત્યમાં તન્મય થઈ ગયા. શ્રીનવનીતપ્રિયજીએ તેમને સાક્ષાત્ દર્શન આપ્યાં. દર્શન કરતાં તેમને મૂર્છા આવી ગઈ. શ્રીગુસાંઈજીએ ટેરો લઈ લીધો. બહાર પધાર્યા. આજ્ઞા કરી : 'ગોવિંદદાસ, ઊઠો. તમને શ્રીનવનીતપ્રિયજીનાં રોજ આવાં દર્શન થશે.'

ગોવિંદદાસ ભાનમાં આવ્યા. શ્રીગુસાંઈજીને દંડવત્ કરી, વિનંતી કરી : 'મને આપનો સેવક કરો. આપના ચરણમાં રાખો.'

શ્રીગુસાંઈજીએ તેમને બ્રહ્મસંબંધ કરાવ્યું. પોતાનું અધરામૃતરૂપ ચર્વિત તાંબુલ આપ્યું. તે લેતાં જ ગોવિંદદાસને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં સ્વરૂપનું જ્ઞાન થયું. તેમણે તરત જ બંને સ્વરૂપોનાં કીર્તન રચી શ્રીગુસાંઈજી સમક્ષ ગાયાં. શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે 'મહારાજ, મને આપની પાસે જ રાખો.' શ્રીગુસાંઈજીએ તેમને પોતના ખવાસ તરીકે રાખ્યા. તેઓ શ્રીગુસાંઈજીની સેવા કરતા અને શ્રીનવનીતપ્રિયજીને નૃત્ય કરી રીઝવતા.

એક વખત રાધાષ્ટમીનો ઉત્સવ આવ્યો. બપોરે રાજભોગ પછી શ્રીગુસાંઈજી તેમના પરિવાર સાથે શ્રીરાધિકાજીના મોસાળના ગામ રાવલ પધાર્યા. ગોકુળમાં શ્રીનવનીતપ્રિયજીની સેવામાં શ્રીશોભા બેટીજી હતાં. સાંજે ભોગ સમયનાં દર્શન ખૂલ્યાં, ત્યારે પગે ઘૂઘરા બાંધી ગોવિંદદાસ શ્રીનવનીતપ્રિયજીની સામે નૃત્ય કરતાં ઢાઢીલીલા કરવા લાગ્યા. શ્રીનવનીતપ્રિયજી બહુ પ્રસન્ન થયા. નૃત્યનો બરાબર રસ જામ્યો. સમયનું કોઈને ભાન રહ્યું નહિ.

નૃત્ય કરતાં અચાનક ગોવિંદદાસના પગનું ઝાંઝર તૂટ્યું. શ્રીનવનીતપ્રિયજીએ તરત જ પોતાના ચરણારવિંદનું ઝાંઝર કાઢી ગોવિંદદાસના પગે બાંધી દીધું. ગોવિંદદાસને તેનું ભાન પણ હતું નહિ. મોડે સુધી નૃત્ય ચાલતું રહ્યું.

એટલામાં શ્રીગુસાંઈજી પાછા પધાર્યા. આપે જોયું કે હજુ શ્રીઠાકોરજીના ભોગસમયનાં દર્શન થાય છે. સંધ્યાઆરતી પણ થઈ નથી. આપે શોભાબેટીજીને આજ્ઞા કરી : 'શોભા, શ્રીઠાકોરજીને આટલો પરિશ્રમ ન કરાવાય.'

ત્યાં મંદિરમાંથી શ્રીનવનીતપ્રિયજીએ આજ્ઞા કરી : આપ કંઈ પણ કહેશો નહિ. આજે મને આ નૃત્ય જોવામાં બહુ આનંદ આવી રહ્યો છે. ભલે નૃત્ય થતું.'

અડધી રાત સુધી ગોવિંદદાસનું નૃત્ય અને ઢાઢીલીલા ચાલ્યાં. પછી સંધ્યાભોગ અને શયનભોગ ધરાયા. શ્રીનવનીતપ્રિયજીને આ રીતે પ્રસન્ન થયેલા જાણી શ્રીગુસાંઈજી પણ ગોવિંદદાસ ઉપર પ્રસન્ન થયા. ગોવિંદદાસ પછી તો દરરોજ શ્રીનવનીતપ્રિયજી સમક્ષ નૃત્યની સેવા કરતા રહ્યા.

આમ પ્રભુએ તેમની નૃત્યની સેવા અંગીકાર કરી. પ્રભુને સુખ થાય તે રીતે કરેલી સેવા તે સાચી સેવા. આવી સેવા ગોવિંદદાસે કરી અને શ્રીનવનીતપ્રિયજીને રીઝવ્યા.'

'આજે ઘણું મોડું થઈ ગયું છે. બીજા પ્રસંગો કાલે જોઈશું. આજે આશ્રયનું પદ બોલીએ.'

૧૦. શ્રીનવનીતપ્રિયજી અને શ્રીગુસાંઈજીનો પરસ્પર પ્રેમ

દાદાજી પાસે શ્રીનવનીતપ્રિયજીની વિવિધ લીલાઓના અને શ્રીનવનીતપ્રિયજીની પ્રસન્નતાના પ્રસંગો સૌ સાંભળી રહ્યાં છે. જેટલો આનંદ દિવસે શ્રીગોવર્ધનધર પ્રભુનાં અને શ્રીનવનીતપ્રિયજીના વિવિધ સમયનાં દર્શન કરવામાં આવી રહ્યો છે તેટલો જ આનંદ બધાંને રાત્રે સત્સંગમાં પણ આવી રહ્યો છે.

'દાદાજી, આજે પણ શ્રીનવનીતપ્રિયજીની વાર્તા જ કહો.' રાત્રે સત્સંગના સમયે જયતીએ આવતાંની સાથે જ એની ઈચ્છા જણાવી દીધી.

'હા દાદાજી, લાલનની વાર્તા જ કહો.' આરતીએ સૂર પૂરાવ્યો.

'આજે હું તમને શ્રીનવનીતપ્રિયજી અને શ્રીગુસાંઈજી વચ્ચેના અનહદ પ્રેમની વાત કહું છું.' દાદાજીએ શરૂ કર્યું.

લાલન ગોકુળમાં બિરાજે છે. શ્રીગુસાંઈજી અને તેમનો પરિવાર ખૂબ પ્રેમપૂર્વક લાલનને લાડ લડાવે છે. એક દિવસની વાત છે. શ્રીગુસાંઈજી લાલનને રાજભોગ આરતી કરી, અનોસર કરી, ભોજન કરવા બિરાજ્યા. પાતળમાં ભાજીના શાકમાં એક કઠણ તણખલું આવ્યું. શ્રીગુસાંઈજીને બહુ દુ:ખ થયું.

તેમણે વિચાર કર્યો : મારા લાલન બહુ છોટા છે, કોમળ છે. આજે આવું ભાજીનું શાક આરોગતાં તેમને ખૂબ શ્રમ થયો હશે. હું શું કરું? મારા એકલાથી બધી સેવા થતી નથી. બીજાની મદદ લેવી પડે છે, તેથી આવી ભૂલ થઈ જાય છે, પરંતુ શ્રીઠાકોરજીને



શ્રીગુસાંઈજી શ્રીગિરિધરજીને પોતાનાં વસ્ત્રો ભગવા રંગે રંગી સૂકવવાની આજ્ઞા કરે છે. શ્રીનવનીતપ્રિયજી પોતાની ઓઢણી પણ રંગવાની આજ્ઞા કરે છે.

શ્રમ થાય તો મારી સેવાનો કોઈ અર્થ નથી.'

આવું વિચારી તેમણે તેમના જયેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીને બોલાવ્યા. આજ્ઞા કરી : 'મારી ધોતી અને ઉપરણો ભગવા રંગથી રંગીને સૂકવો. શ્રીઠાકોરજીને શ્રમ થતો હોય તો મારે ગૃહસ્થાશ્રમમાં રહેવું યોગ્ય નથી. હું સંન્યાસી બની જઈશ.'

શ્રીગિરિધરજીને આ વાત સાંભળી ઘણું દુઃખ થયું, પરંતુ તેઓ સામે કોઈ દલીલ કરી શક્યા નહિ. તરત જ એક ધોતી ઉપરણો ભગવા રંગે રંગી સૂકવવા માંડયો.

ત્યાં તો શ્રીનવનીતપ્રિયજી સાક્ષાત્ પધાર્યા. તેમના શ્રીહસ્તમાં પોતાની નાનકડી સફેદ ઝગુલી(વાઘો) અને ટોપી હતાં. શ્રીગિરિધરજીને આજ્ઞા કરી : 'ગોવર્ધન, મારાં આ ઝગુલી-ટોપી પણ ભગવા રંગે રંગી સૂકાવી દો. શ્રીગુસાંઈજી મને છોડીને જતા હોય, સંન્યાસ લેતા હોય તો મારે પણ અહીં રહેવું નથી. હું પણ સંન્યાસ લઈ તેમની સાથે જઈશ.'

શ્રીગિરિધરજીએ આ વાત શ્રીગુસાંઈજીને કહી. શ્રીગુસાંઈજી શ્રીનવનીતપ્રિયજીનો પોતાના પ્રત્યેનો પ્રેમ જોઈ ગદ્ગદ્ થઈ ગયા. સંન્યાસ લેવાનો વિચાર માંડી વાળ્યો.

આવો હતો બંને વચ્ચેનો અગાધ પ્રેમ.

૧૧. દેખોરી હરિ નંગમનંગા

'દાદાજી, તમે એક દિવસ અમને સૂરદાસજીની વાર્તા કહી હતી. તેમાં એક પ્રસંગ શ્રીનવનીતપ્રિયજીના અદ્ભુત શૃંગારનો પણ કહ્યો હતો. એ પ્રસંગ મને બરોબર યાદ છે. આજે હું બધાંને એ પ્રસંગ કહું?' સત્સંગના સમયે આરતીએ પૂછયું.

દાદાજી તો આરતીની યાદશક્તિ અને ઉત્સાહ જોઈ ખુશ થઈ ગયા. 'હા બેટા, આજે તું જ અમને એ પ્રસંગ સંભળાવ.'

આરતી ખુશ થઈ ગઈ. બધાંની સામે જોઈ તેણે શરૂ કર્યું.

એકવાર સૂરદાસજી ગોકુળ આવ્યા હતા. ગોકુળમાં શ્રીનવનીતપ્રિયજીની કીર્તનસેવા કરતા હતા. દરેક સમય સમયનાં શ્રીનવનીતપ્રિયજીની બાળલીલાનાં અદ્ભુત કીર્તન ગાતા હતા. જે દિવસે જેવાં વસ્ત્ર અને શૃંગાર શ્રીઠાકોરજીને ધર્યાં હોય તેવું જ વર્ણન એમના કીર્તનમાં કરતા હતા.

બધાંને નવાઈ લાગે છે. સૂરદાસજીને નેત્રો તો છે નહિ, છતાં આવું આબેહૂબ વર્ણન તેઓ કેવી રીતે કરી શકે છે, તેનું સૌને આશ્ચર્ય થતું હતું.

બેચાર દિવસ પછી શ્રીગુસાંઈજી બહારગામ પધાર્યા. સૂરદાસજીએ કહ્યું , 'હું પણ હવે જતીપુરા જઈશ.' પણ શ્રીગિરિધરજી વગેરે બાળકોએ આગ્રહ કરીને તેમને રોકયા. 'સૂરદાસજી, બે દિવસ વધારે રહો અને શ્રીનવનીતપ્રિયજીને તમારાં કીર્તન સંભળાવો.' સૂરદાસજી ગોકુળમાં રોકાઈ ગયા.

એ દિવસે રાત્રે શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી એ ત્રણે ભાઈઓ વાતો કરતા બિરાજ્યા હતા. કંઈક વાત નીકળતાં કોઈએ કહ્યું : 'આ સૂરદાસજી એવાં જ કીર્તન રોજ ગાય છે, જેવા આપણે લાલનને શૃંગાર કરીએ છીએ. આવતી કાલે પ્રભુને એવો અદ્ભુત શૃંગાર કરીએ કે કદી ન થયો હોય. સૂરદાસજીને કંઈ જણાવીએ નહિ. પછી જોઈએ કે એ કેવાં કીર્તન કરે છે!'

બધાંને આ વાત ગમી ગઈ. સૂરદાસજીની પરીક્ષા લેવાનું નક્કી થયું.

સૂરદાસજીની પરીક્ષાની આ વાત શ્રીગિરિધરજીએ જાણી. આપશ્રીએ આજ્ઞા કરી : 'આવા ભગવદીયની, પ્રભુના અત્યંત કૃપાપાત્ર ભગવદીયની પરીક્ષા ન લેવાય.'

બધા બાળકોએ બહુ આગ્રહ કર્યો, 'અમારે જાણવું છે કે



સૂરદાસજી ગાઈ રહ્યા છે દેખો રી હરિ નંગમનંગા.

સૂરદાસજીને નેત્રો નથી તો એ કેવી રીતે દર્શન કરીને દરરોજનાં શૃંગારનું વર્ણન કરે છે.'

શ્રીગિરિધરજીએ સંમતિ આપતાં કહ્યું : 'ભલે, તમે પરીક્ષા લો. એ બહાને અનેક વૈષ્ણવોને સૂરદાસજીના અલૌકિક સામર્થ્ય અંગે જાણવા મળશે. શ્રીઠાકોરજી કૃપા કરીને તેમને અલૌકિક નેત્રોથી દર્શન આપે છે એ બાબતની બધાંને ખાત્રી થશે.

સંમતિ મળતાં બધા બાળકોને આનંદ થયો. રાત્રે બધું નક્કી કરીને સૂઈ ગયા.

બીજા દિવસે સવાર થયું. ચારે બાળકો શ્રીનવનીતપ્રિયજીની સેવામાં પધાર્યા. શૃંગાર ધરવાનો સમય થયો. તે સમયે અષાડ માસ હતો. સખત ગરમી હતી. સૌએ વિચાર કર્યો કે આજે લાલનને કોઈ વસ્ત્ર કે શૃંગાર ધરવા જ નથી! પછી જોઈએ સૂરદાસજી કીર્તનમાં શું વર્ણન કરે છે!

પ્રભુને માત્ર બારીક મોતીની કંઠસરી, નકવેસર, મોતીનાં કર્ણફૂલ અને કંદોરો ધરી દીધો. થોડીવાર પછી દર્શન ખોલ્યાં. સૂરદાસજીને પહેલાં અંદર બોલાવી લીધા હતા. જેથી દર્શન કરીને કોઈ વૈષ્ણવ તેમને આજના શૃંગારની કોઈ વાત ન કરે. સૂરદાસજીને સૌથી પહેલાં દર્શન કરવા બોલાવ્યા. શ્રીગોકુલેશપ્રભુએ આજ્ઞા કરીઃ સૂરદાસજી, કીર્તન કરો.'

સૂરદાસજી મનમાં વિચાર કરે છે : આજે શ્રીનવનીતપ્રિયજીનો અદ્ભુત શૃંગાર થયો છે. આવો શૃંગાર કદી થયો નથી. નથી પ્રભુને વાગો ધર્યો કે નથી ઓઢણી ધરી. કોઈ વસ્ત્ર જ ધર્યું નથી. માળાઓ વગેરે પણ નથી ધરી. માત્ર મોતી ધર્યાં છે. આજે મારે પણ જેવો અદ્ભુત શૃંગાર થયો છે એવું અદ્ભુત કીર્તન ગાવું પડશે.'

આમ વિચારી તેમણે તરત જ બિલાવલ રાગમાં એક કીર્તન ગાયું. આરતીએ મધુર રાગથી કીર્તનગાન શરૂ કર્યું. સૌએ તે ઝીલ્યું.

દેખો રી હરિ નંગમનંગા ।
જલસુત ભૂષણ અંગ બિરાજત,
વસન હીન છબી ઊઠત તરંગા ॥૧॥
અંગ અંગ પ્રતિ અમિત માધુરી,
નિરખી લજ્જિત રતિ કોટિ અનંગા ।
કિલકત દધિસુત મુખ લેપન કરી,
સૂર હસત વ્રજયુવતીન સંગા ॥૨॥

'દાદાજી, આ કીર્તનમાં સૂરદાસજીએ કેવું વર્ણન કર્યું તે હવે તમે સમજાવો. મને કીર્તનનો અર્થ બરોબર યાદ નથી રહ્યો.' આરતીએ નિર્દોષતાથી કહ્યું. દાદાજીએ હસીને કીર્તન સમજાવવા માંડયું.

'સૂરદાસજી કહે છે કે આજે શ્રીઠાકોરજીએ કોઈ વસ્ત્ર જ ધર્યું નથી. માત્ર મોતીના શૃંગાર ધર્યા છે. જલસુત એટલે મોતી. મોતી પાણીમાં-જલમાં રહેતી માછલીના પેટમાં પાકે એટલે કવિ મોતીને અહીં જલસુત કહે છે. આખું શ્રીઅંગ વસ્ત્ર વગરનું ખુલ્લું હોવાથી શ્રીઅંગની શોભાના તરંગો ઉછળી રહ્યા છે.

બીજી લીટીમાં કહે છે : આપની અંગે અંગની અપાર મધુરતાનાં દર્શન થઈ રહ્યાં છે. કરોડો કામદેવ અને રતિ (કામદેવની પત્ની) આ સૌંદર્ય ઉપર મુગ્ધ થઈ, પોતે લજ્જિત થઈ જાય એવું પ્રભનું સૌંદર્ય છે.

ત્રીજી લીટીમાં કહે છે કે શ્રીઠાકોરજીના મુખ ઉપર માખણ લાગેલું છે. તેઓ ખિલખિલાટ હાસ્ય કરી રહ્યા છે. વ્રજની યુવતીઓ-ગોપીઓ પ્રભુનાં દર્શન કરવા આવી છે, તે પ્રભુનું આવું સ્વરૂપ નિરખીને હસી રહી છે. સૂરદાસજી કહે છે એ વ્રજયુવતીઓની સાથે પ્રભુનાં દર્શન કરી હું પણ આજે હસી રહ્યો છું.'

સૂરદાસજીએ કીર્તન પૂર્ણ કર્યું. શ્રીગોકુલનાથજી વગેરે બાળકો આ કીર્તન સાંભળી રહ્યા હતા. આપે કહ્યું : 'સૂરદાસજી આવું પદ ગવાય? પ્રભુને ધરેલા વસ્ત્ર-શૃંગારનું તો કોઈ વર્ણન કરો.' હવે આરતીએ વાતનો દોર પાછો પોતાના હાથમાં લઈ લીધો.

'મહારાજ, પ્રભુને આજે કંઈ વસ્ત્ર-શૃંગાર ધર્યો હોય તો હું એનું વર્ણન કરું ને! આપે જેવો અદ્ભુત શૃંગાર પ્રભુને કર્યો છે તેવું અદ્ભુત પદ મેં ગાયું છે!' સૂરદાસજીએ દીનતાથી જવાબ આપ્યો.

આ સાંભળી બધા બાળકોને ખૂબ આનંદ થયો. તેમને લાગ્યું કે શ્રીનવનીતપ્રિયજીએ આજે પોતાના શ્રીઅંગની મધુરતાનાં અને માખણ આરોગતા સ્વરૂપનાં સુંદર દર્શન સૂરદાસજીને કરાવ્યાં છે. શ્રીનવનીતપ્રિયજીની અને મહાપ્રભુજીની કૃપાથી એમને આંખો નથી છતાં હૃદયમાં પ્રભુએ પધારી, સાક્ષાત્ અનુભવ કરાવ્યો છે. જેવો અનુભવ થયો છે એવું કીર્તન રચીને તેમણે ગાયું છે.

'આરતીએ સુંદર રીતે આજે શ્રીનવનીતપ્રિયજીના અદ્ભુત શૃંગારનો પ્રસંગ કહ્યો છે.' દાદાજીએ અને સૌએ એને શાબાશી આપી. 'હવે આવતી કાલે જયતીનો વારો છે. શ્રીનવનીતપ્રિયજીનો એક પ્રસંગ આપણને તે સંભળાવશે.' આરતીએ પોતાની ઈચ્છા વ્યક્ત કરી.

'ચોક્કસ'. જયતીએ ખાત્રી આપી. સૌએ આશ્રયપદ ગાન કર્યું.

૧૨. પ્રિય નવનીત પાલને ઝૂલે

આજે સત્સંગમાં શ્રીનવનીતપ્રિયજીની વાર્તા કહેવાનો વારો જયતીનો છે. એ ખૂબ ઉત્સાહમાં છે. જલ્દી જલ્દી આવીને દાદાજીની બાજુમાં બેસી ગઈ છે. બધાં આવી ગયાં એટલે એણે વાર્તા શરૂ કરી.

એકવાર જન્માષ્ટમીના ઉત્સવના બીજા દિવસે ગોકુળમાં નંદમહોત્સવ થઈ રહ્યો હતો. શ્રીનવનીતપ્રિયજી પાલનામાં ઝૂલતા હતા. શ્રીગુસાંઈજી તેમને ઝૂલાવતા હતા. અનેક વૈષ્ણવો દર્શન



શ્રીગુસાંઈજી શ્રીનવનીતપ્રિયજીને પલને ઝુલાવી રહ્યા છે.

કરવા આવ્યાં હતાં. તેમાં ગુપ્ત વેશે બાદસાહ અકબર અને બીરબલ પણ આવ્યા હતા. છીતસ્વામી કીર્તન કરતા હતા.

છીતસ્વામીને એવો અનુભવ થયો કે શ્રીનવનીતપ્રિયજી પલનામાં ઝૂલે છે અને શ્રીગુસાંઈજી તેમને ઝૂલાવે છે તો વળી ક્યારેક બંને સાથે મળીને ઝૂલે છે! ઝૂલતાં ઝૂલતાં બંને સાથે એક જ થાળીમાંથી ભોજન કરે છે. એક જ ઝારીમાંથી જળ આરોગે છે. છીતસ્વામીને આવાં દર્શન થતાં આ જ ભાવનું એક કીર્તન રચીને આસાવરી રાગમાં તેમણે ગાયું.

પ્રિય નવનીત પાલને ઝૂલે, શ્રીવિઠ્ઠલનાથ ઝુલાવે હો ।
કબહુક આપ સંગ મીલ ઝૂલે, કબહુક ઉતરી ઝુલાવે હો ॥૧॥
કહબુક સુરંગ ખિલૌના લે લે નાના ભાંતિ ખિલાવે હો ।
ચકરી બંગી ફિરકની લહટૂ ઝૂન ઝૂન હાથ બજાવે હો ॥૨॥
ભોજન કરત થાલ એક ઝારી, દોઉ મિલ ખાય ખવાવે ।
ગુપ્ત મહારસ પ્રકટ જનાવે પ્રીતિ નઈ ઉપજાવે ॥૩॥
ધનિ ધનિ ભાગ્ય દાસ નિજ જનકે જો યહ દરસન પાવે હો ।
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ નિગમ એક કરિ ગાવે હો ॥૪॥

જયતીએ મધુર રાગથી તાલબધ્ધ રીતે આ કીર્તન ગાયું અને સૌએ ઝીલ્યું.

દાદાજીએ કહ્યું : 'જયતી, હવે આ કીર્તન સમજાવવાનું મારે છે ને?'

'હા દાદાજી, તમે જ સમજાવો.'

છીતસ્વામીને અનેકવાર એવાં દર્શન થયેલાં કે શ્રીઠાકોરજી અને શ્રીગુસાંઈજી બંને એક જ સ્વરૂપ છે. અત્યારે પણ એમને એવાં દર્શન થઈ રહ્યાં છે. શ્રીનવનીતપ્રિયજી પલનામાં ઝૂલે છે અને શ્રીગુસાંઈજી તેમને ઝુલાવે છે. કોઈવાર બંને સાથે મળીને ઝૂલે છે. ક્યારેક વળી નીચે ઉતરીને ઝુલાવે છે.

વિવિધ પ્રકારનાં સુરંગ ખિલૌનાં-રમકડાં લઈને જુદી જુદી રીતે શ્રીગુસાંઈજી શ્રીનવનીતપ્રિયજીને ખેલાવે છે. એક જ થાળીમાંથી બેઉ જણ ભોજન કરે છે અને એક જ ઝારીમાંથી જળ આરોગે છે. આમ બંને જણ પોતે એક સ્વરૂપ છે, એ ગુપ્ત વાતને પ્રકટ કરે છે અને બંને વચ્ચે કેવી પ્રીતિ છે તે પણ પ્રકટ કરે છે. છીતસ્વામી કહે છે :

'વેદમાં પણ આ બંને સ્વરૂપોની એકતા વર્ણવાયેલી છે. મારા મહાભાગ્ય છે કે મને આજે આવાં દર્શન થઈ રહ્યાં છે.' દાદાજીએ ટૂંકમાં કીર્તનનો ભાવ સમજાવ્યો.

જયતીએ પ્રસંગનું સમાપન કરતાં કહ્યું : આવાં દર્શન એકલા છીતસ્વામીને જ થયાં એવું નહિ, દર્શન કરવા આવેલ બાદશાહ અકબરને પણ આ અલૌકિક દર્શન થયાં. દર્શન કરીને બાદશાહ અને બીરબલ બહાર આવ્યા. બીરબલે કહ્યું : 'છીતસ્વામી મારા ગોર છે એટલે શું કહું? પણ જે દેખાતું ન હતું તેવું એમણે આજે ગાયું છે.'

બાદશાહ હસીને કહે છે : 'બીરબલ, તેમને તેમના અલૌકિક નેત્રોથી જે દેખાયું એ જ એમણે ગાયું છે. મને પણ આજે શ્રીનવનીતપ્રિયજીએ કૃપા કરીને આવાં દર્શન આપ્યાં છે.'

આમ ઠાકોરજી જેના ઉપર કૃપા કરે તેને તેઓ પોતાના અલૌકિક સ્વરૂપનાં દર્શન પણ કરાવી દે છે અને પોતાની લીલાઓનો અનુભવ પણ કરાવી દે છે. જયતીએ પ્રસંગ પૂર્ણ કર્યો. તેની યાદશક્તિ અને વાર્તા કહેવાની રીત તથા ઉત્સાહ માટે સૌએ તેને ધન્યવાદ આપ્યા. જયતી ખુશ થઈ ગઈ.

૧૩. શ્રીનવનીતપ્રિયજી ગોકુળથી મેવાડ પધાર્યા

'દાદાજી, શ્રીનવનીતપ્રિયજી ગોકુળમાં બિરાજતા હતા, ત્યાંથી અહીં નાથદ્વારા કેમ પધાર્યા? આરતીએ રાત્રે સત્સંગના સમયે દાદાજી સમક્ષ પોતાની મૂંઝવણ રજૂ કરી.

ખૂબ સરસ પ્રશ્ન પૂછયો છે તેં આજે, આરતી. ઘણાં વૈષ્ણવોની આ મૂંઝવણ છે. તમે જાણો છો કે શ્રીનવનીતપ્રિયજી પહેલાં આગ્રામાં બિરાજતા હતા, ગજનધાવનને ઘેર. પછી અડેલ પધાર્યા. ત્યાંથી મથુરા થઈ ગોકુલ પધાર્યા. ઘણાં વર્ષો ગોકુલમાં શ્રીરાજાઠાકુરના મંદિરમાં બિરાજ્યા.

સંવત ૧૭૨૬ માં વ્રજમાં દિલ્હીના બાદશાહ ઔરંગઝેબે હિન્દુ મંદિરો તોડવા માંડયા. શ્રીનાથજીનું મંદિર પણ તોડવા માટે તેના સરદારો આવ્યા. ત્યારે શ્રીનાથજીબાવાએ વ્રજ છોડવાનો નિર્ણય કર્યો. તે સમયના તિલકાયત મહારાજશ્રીને આજ્ઞા કરી. ગુપ્ત રીતે બધી તૈયારીઓ થઈ. રથ બન્યો. રથમાં બિરાજી શ્રીજીબાવા સંવત ૧૭૨૬ના આસો સુદ પૂનમ ને શુક્રવારે રાત્રે જતિપુરાથી પ્રયાણ કરી આગ્રા પધાર્યા. તે સમયે શ્રીનવનીતપ્રિયજી ગોકુળ બિરાજતા હતા, ત્યાંથી છાની રીતે આગ્રા પધરાવ્યા. બંને સ્વરૂપો આગ્રાથી નીકળી, રસ્તામાં અનેક સ્થળે મુકામ કરતાં કરતાં અહીં નાથદ્વારા પધાર્યા.

નાથદ્વારા પાસે રથ અટકયો, એટલે શ્રીનાથજીબાવાની ઈચ્છા અહીં બિરાજવાની છે એમ માની અહીં શ્રીજીબાવાનું અને શ્રીનવનીતપ્રિયજીનું એમ બે મંદિર બનાવી, બંને સ્વરૂપોને અહીં પધરાવ્યા.

'શ્રીજીબાવા તો આવા સમર્થ દેવાધિદેવ છે. એમને વળી મુસલમાનોનો ડર લાગ્યો? પોતાનું મંદિર છોડી, વ્રજ છોડી છેક અહીં નાથદ્વારા પધાર્યા?'

મુસલમાનોનો ઉપદ્રવ તો એક બહાનું હતું. ખરી વાત જુદી હતી. અહીં મેવાડમાં એક રાજકુંવરી હતી. તેનું નામ હતું અજબકુંવરબાઈ. એ ગુસાંઈજીની સેવક હતી. શ્રીગુસાંઈજીમાં એને ખૂબ આસક્તિ હતી. શ્રીગુસાંઈજીનાં દર્શન ન થાય તો એને ખૂબ વિરહ થતો. તેથી શ્રીગુસાંઈજીએ પોતાનાં ચરણપાદુકા એને સેવા

માટે પધરાવી આપેલાં. અજબકુંવરબાઈ ખૂબ પ્રેમથી સેવા કરતાં. શ્રીગુસાંઈજીની કૃપાથી તેમને શ્રીનાથજી સાનુભાવ બતાવવા લાગ્યા. શ્રીજીબાવાએ એટલી બધી કૃપા કરી કે શ્રીગિરિરાજજી ઉપર અનોસર થાય એટલે તરત જ બપોરે આપ સિંહાડ પધારે અને અજબકુંવરબાઈ સાથે ચોપાટ ખેલે. અજબકુંવરબાઈ ચોપાટ ખેલવામાં ભારે કુશળ હતાં. કોઈવાર અજબકુંવર જીતે, કોઈવાર શ્રીજીબાવા જીતે, બંને સાંજે ઉત્થાપનના સમય સુધી ખેલે. પછી ઉત્થાપનના સમયે શ્રીજીબાવા પાછા ગિરિરાજ પધારે.

એક દિવસ શ્રીનાથજીને પધારવામાં વિલંબ થયો. અજબકુંવરબાઈ અત્યંત દુઃખી થઈ ગયાં. પ્રસાદ કે જળ પણ લીધું નહિ. આખો દિવસ વિરહાવસ્થામાં પડયાં રહ્યાં. બીજા દિવસે રાજભોગ પછી શ્રીજીબાવા પધાર્યા. બેભાન અજબકુંવરને પોતાના સુકોમળ શ્રીહસ્તનો સ્પર્શ કરાવી જાગ્રત કર્યાં. અજબકુંવર સ્વસ્થ થયાં. શ્રીનાથજીનાં દર્શન કરી ખૂબ આનંદિત બની ગયાં. શ્રીનાથજીબાવાને સુંદર સામગ્રી આરોગાવી, ચોપાટ ખેલ્યાં. સાંજે ઉત્થાપનના સમયે શ્રીજીબાવા પધારવા લાગ્યા ત્યારે અજબકુંવરે આપના વસ્ત્રનો છેડો પકડી લીધો. વિનંતી કરી : 'મહારાજ હવે હું આપને જવા દઈશ નહિ, આપને રોજ આવતાં જતાં કેટલો પરિશ્રમ પડે છે! મારી વિનંતી છે કે આપ સદાયને માટે અહીં જ બિરાજો.'

શ્રીનાથજીબાવાએ આજ્ઞા કરી : 'અજબ, પાગલ થઈ છે કે શું? જ્યાં સુધી શ્રીગુસાંઈજી ભૂતલ ઉપર બિરાજે છે ત્યાં સુધી તો આ પ્રમાણે આવતો જતો રહીશ. ત્યાર પછી અહીં જ્યાં તારું ઘર છે, ત્યાં જ મારું મંદિર બનશે. લાંબા સમય સુધી હું અહીં સિંહાડમાં બિરાજીશ.'

અજબકુંવરે બે હાથ જોડી વિનંતી કરી : 'મહારાજ, તમારે

તો મારા જેવા અનેક ભક્તો હશે. આપે તો બધાંની સંભાળ લેવી પડે. તેમાં કદાચ મને ભૂલી પણ જાઓ, એટલે મને આપનો વિશ્વાસ પડતો નથી.'

શ્રીજીબાવા કહે છે : હું તને વચન આપું છું અજબ, સવાસો વર્ષ પછી અહીં બિરાજીશ. તું ચિંતા કરીશ નહિ. હમણાં હંમેશા તને દર્શન આપવા આવતો રહીશ.' આમ અજબકુંવરની અનન્ય ભક્તિથી પ્રસન્ન થઈ શ્રીજીબાવાએ સિંહાડમાં હંમેશા બિરાજવાનું વચન આપ્યું.

ભગવાન પોતાના પ્રિય ભક્તોના મનોરથ હંમેશા પૂર્ણ કરે છે. અજબકુંવરબાઈનો મનોરથ પૂર્ણ કરવા અને પોતે એને આપેલા વચનને નિભાવવા શ્રીજીબાવાએ મુસલમાનોના ઉપદ્રવનું નિમિત્ત ઊભું કરી વ્રજ છોડયું. બાકી શ્રીનાથજીબાવાના પ્રભાવ સામે એ મુસલમાનો તો માત્ર સૂર્ય સામે એક તણખલા બરોબર જ હતા.' દાદાજીએ હકીકત સમજાવી.

'દાદાજી, શ્રીજીબાવા તો અજબકુંવરબાઈનો મનોરથ પૂર્ણ કરવા અહીં સિંહાડ પધાર્યા પણ શ્રીનવનીતપ્રિયજી કેમ ગોકુળ છોડી અહીં પધાર્યા?' આરતીને હજુ આ વાત સમજાતી ન હતી.

'એનુ કારણ પણ સમજાવું છું. આપણે આગળ જોઈ ગયાં કે શ્રીનવનીતપ્રિયજી શ્રીગુસાંઈજીના ઘરમાં બિરાજતા હતા. શ્રીગુસાંઈજીનો આખો પરિવાર - બાળકો, બેટીજી, વહુજી બધાં કાયમ શ્રીનવનીતપ્રિયજીની સેવામાં રહેતાં. શ્રીગુસાંઈજી દરરોજ શ્રીનવનીતપ્રિયજીની શૃંગાર સુધીની સેવા પહોંચી ઘોડા ઉપર સવાર થઈ શ્રીગિરિરાજ પધારતા. શ્રીગોવર્ધનધર પ્રભુની રાજભોગ સુધીની સેવા પહોંચતા પછી પાછા ગોકુળ પધારતા અને સાંજે શયન સુધીની શ્રીનવનીતપ્રિયજીની સેવા કરતા. આમ શ્રીગુસાંઈજી બંને સ્વરૂપોની સેવા કરતા હતા.

શ્રીગુસાંઈજીએ જ્યારે પોતાના સાત લાલજીને સેવા માટે જુદાં જુદાં સ્વરૂપો પધરાવી આપ્યાં ત્યારે સૌથી મોટા પુત્ર શ્રીગિરિધરજીને શ્રીજીબાવા અને શ્રીનવનીતપ્રિયજી એમ બંનેની સેવાનો અધિકાર પ્રાપ્ત થયો. શ્રીગિરિધરજી પછી એમના વંશજોને એ અધિકાર પ્રાપ્ત થયો. એટલે એક જ ઘરનાં બાળકો દ્વારા બંને સ્વરૂપોની સેવા થતી હોઈ શ્રીજીબાવા જ્યારે મેવાડ પધાર્યા ત્યારે શ્રીનાથજીના તિલકાયત મહારાજે શ્રીનવનીતપ્રિયજીને પણ સાથે પધરાવ્યા.

એ વખતે શ્રીનાથજીના તિલકાયત શ્રીદામોદરજી(શ્રીદાઉજી) મહારાજ હતા. તેઓશ્રીનું વય માત્ર પંદર વર્ષનું હોવાથી મંદિરનો વહીવટ આપશ્રીના કાકાજી શ્રીગોવિંદરાયજી મહારાજ કરતા હતા. શ્રીગોવિંદરાયજી મહારાજે જ્યારે શ્રીજીબાવાને રથમાં પધરાવી આગ્રા પધરાવ્યા ત્યારે શ્રીનવનીતપ્રિયજી ગોકુળ બિરાજતા હતા. આપશ્રીએ આપના વિશ્વાસુ સેવકોને આજ્ઞા કરી : 'તમે ગોકુળ જાઓ. ત્યાં બિરાજતા શ્રીદામોદરજી અને સર્વ પરિવારને પરિશ્રમ ન પડે તે રીતે વ્યવસ્થા કરીને આગ્રા પધરાવી લાવો. તેમજ મુખિયાજીને તથા વિઠ્ઠલ દુબેજીને કહીને શ્રીનવનીતપ્રિયજીને પણ સ્નેહવાત્સલ્યપૂર્વક વિનંતી કરી આગ્રા પધરાવી લાવો.'

આ આજ્ઞા થતાં સેવકો શ્રીગોકુલ ગયા. મુખિયાજી તથા ભીતરીયાઓને શ્રીગોવિંદજી મહારાજની આજ્ઞા કહી સંભળાવી.

રાત્રે ને રાત્રે મુખિયાજીએ અને વિઠ્ઠલ દુબેજીએ સ્નાન કરી, શંખનાદ કર્યા. શ્રીનવનીતપ્રિયજીને જગાડયા. પણ આપ જાગ્યા નહિ. શ્રીહસ્ત પકડીને ઊઠાડવા પ્રયત્ન કર્યો પણ તોયે આપ ઊઠયા નહિ. તે સમયે આપ ગાઢ નિદ્રામાં પોઢયા હતા. મુખિયાજીને થયું: 'અત્યારે જાગવાની શ્રીનવનીતપ્રિયજીની ઈચ્છા નથી. પ્રાતઃકાળે જ જગાવીશું.' આમ વિચાર કરી સૌ મંદિરના ચોકમાં જ સૂઈ ગયા.

વહેલી સવારે ફરી સ્નાન કરી અપરસમાં કંઈક સામગ્રી સિધ્ધ

કરી. પછી શ્રીનવનીતપ્રિયજીને જગાવ્યા. મંગલભોગ ધર્યો. પછી શૃંગારભોગ ધરી, સુખપાલમાં પધરાવ્યા. ચાર ભીતરીયા તથા વિઠ્ઠલ દુબેજીએ સુખપાલ ઊઠાવ્યો. આગ્રા જવા વિદાય થયા.

માર્ગમાં ચાલતાં એક પ્રહર દિવસ ચડતાં ગૌઘાટ પધાર્યા. ત્યાં શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીના ચતુર્થ પુત્ર શ્રી પીતાંબરજીના વહુજીને આપેલ વરદાન પ્રમાણે તેમના લાલજીના હાથથી રાજભોગ આરોગ્યા.

'દાદાજી, તેમના લાલજીનું નામ શું હતું? તેમને કેવી રીતે ખબર પડી કે નવનીતપ્રિયજી પધારે છે, તો રાજભોગની સામગ્રી સિધ્ધ કરી રાખું?'

'એમના લાલજીનું નામ શ્રીવ્રજરાયજી હતું. એમણે રસ્તામાં શ્રીનવનીતપ્રિયજીને રાજભોગ આરોગાવવા સામગ્રી સિધ્ધ કરી રાખી તેની પાછળ એક કારણ હતું. એક પ્રસંગ હતો. આજે ઘણું મોડું થઈ ગયું છે. એ પ્રસંગ આપણે કાલે જોઈશું.'

'ના દાદાજી, આજે જ કહો. અમને જરાયે ઊંઘ નથી આવતી. શ્રીનવનીતપ્રિયજી અને શ્રીજીબાવાની વાતો સાભળવામાં ઘણો આનંદ આવી રહ્યો છે.' સૌએ આગ્રહ કર્યો.

'ભલે, સાંભળો ત્યારે.' દાદાજીએ સૌના આગ્રહ સામે નમતું જોખ્યું.

'શ્રીગુસાંઈજીના સમયમાં એવી રીત હતી કે જ્યારે શ્રીનવનીતપ્રિયજી પોઢે ત્યારે સર્વ ગોસ્વામી બાળકો તથા મુખિયા-ભીતરીઆ વગેરે બહાર આવે, પછી સાતેય બાળકોનાં વહુજી-બેટીજી બધાં શ્રીનવનીતપ્રિયજીનાં ચરણસ્પર્શ કરે.

એક દિવસ બધાં વહુજી-બેટીજીઓ ચરણસ્પર્શ કરવા પધાર્યાં. તે વખતે શ્રીગુસાંઈજીના તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીના ચતુર્થ પુત્ર શ્રીપીતાંબરજીનાં વહુજીએ સહુથી છેલ્લે ચરણસ્પર્શ કર્યાં. ત્યારે

શ્રીનવનીતપ્રિયજીએ તેમની સાડીનો છેડો પકડીને આજ્ઞા કરી : 'મૈં તેરે ઘર ચલૂંગો.'

આવાં કૃપારસપૂર્ણ વચનો સાંભળી વહુજી તો રોમાંચિત થઈ ગયાં. તેમણે તરત જ શ્રીનવનીતપ્રિયજીને વાત્સલ્યપૂર્વક પધરાવી પોતાની ચોળીમાં છુપાવી દીધા. સાવધાનીપૂર્વક પોતાના ઘેર પધરાવી ગયાં. ત્યાં આખી રાત્રિ સુધી બિરાજ્યા. સવાર થતાં પહેલાં આપે આજ્ઞા કરી : 'મોકોં શ્રીગુસાંઈજીકે ઘર પધરાઈ આઓ. શ્રીગિરિધરજી મોકોં મંદિરમેં નહિ દેખેંગે તો ચિંતા કરેંગે.'

બરાબર આ જ સમયે શ્રીગિરિધરજી અપરસમાં સ્નાન કરી શ્રીનવનીતપ્રિયજીને જગાડવા માટે મંદિરમાં પધાર્યા. શૈયામાં નવનીતપ્રિયજીનાં દર્શન થયાં નહિ. આશ્ચર્ય અને ચિંતામાં પડી ગયા. વિચાર કરે છે : 'શું થયું હશે? શ્રીનવનીતપ્રિયજી ક્યાં પધાર્યા હશે?'

વિચાર કરતાં આપશ્રીને લાગ્યું કે આની પાછળ કાંઈક કારણ હોવું જોઈએ. શ્રીગુસાંઈજીએ મારા માથે શ્રીનવનીતપ્રિયજી પધરાવી આપ્યા છે એથી બીજે ક્યાંય પધારશે નહિ. આમ વિચારી શ્રીઠાકોરજીનું અને શ્રીગુસાંઈજીનું સ્મરણ કરતાં આપ મંદિરમાં જ બિરાજ્યા.

આ બાજુ શ્રીનવનીતપ્રિયજી વહુજીને આજ્ઞા કરે છે કે મને મંદિરમાં પધરાવો. ત્યારે વહુજીએ દીનતાપૂર્વક વિનંતી કરી કે 'મહારાજ, આપ પધાર્યા છો તો હવે રાજભોગ આરોગીને જ પધારો.' શ્રીનવનીતપ્રિયજીએ કહ્યું કે આજે નહિ. ફરી કોઈવાર તમારા લાલજીને હાથે રાજભોગ આરોગીશ. આજે તો તમે મને હમણાં જ મંદિરમાં શૈયાજીમાં પધરાવી આવો. જતાં આવતાં તમને કોઈ જોશે નહિ. બીક ન રાખશો.

વહુજીએ શ્રીનવનીતપ્રિયજીની આજ્ઞાનું પાલન કર્યું. થોડીવાર

પછી શ્રીગિરિધરજી મંદિરમાં પધાર્યા. જુએ છે તે લાલન શૈયામાં પોઢયા છે. જગાવ્યા અને મંગળભોગ ધર્યો.

આ વાતની બીજા કોઈને ખબર ન પડી. શ્રીવ્રજરાયજીને લાલને પોતાના માતુશ્રીને આપેલું વરદાન યાદ હતું, તેથી જ્યારે તેમને ખબર પડી કે લાલન શ્રીનવનીતપ્રિયજી આગ્રા પધારી રહ્યા છે, ત્યારે આપે ગૌઘાટ ઉપર પધારી, રાજભોગની સામગ્રી સિધ્ધ કરી અને પછી રસ્તા ઉપર આપશ્રીના પધારવાની રાહ જોતા ઊભા રહ્યા. પ્રભુ પધાર્યા એટલે વિનંતી કરી રાજભોગ ધર્યો. પોતે સિધ્ધ કરેલી સામગ્રી આરોગાવી. પછી શ્રીયમુનાજીના કિનારે સંધ્યાવંદન માટે પધારી ગયા.

મુખિયાજીએ ભોગ સરાવી, આચમન કરાવી, ત્વરિત ગતિથી આગ્રા તરફ પ્રયાણ કર્યું. રાત્રે આનંદપૂર્વક આગ્રા પહોંચી ગયા. જે હવેલીમાં શ્રીનાથજી બિરાજતા હતા ત્યાં પધાર્યા.

શ્રીનવનીતપ્રિયજીના સુખપાલનાં દર્શન થતાં જ હવેલીમાં બિરાજમાન સર્વ બાળકો અને સમસ્ત પરિવાર અત્યંત પ્રસન્ન થયા. શ્રીઠાકોરજીને ઉત્થાપનભોગ અને શયનભોગ આરોગાવી શૈયામાં પોઢાવ્યા.

પછી તો શ્રીજીબાવાની સાથે જ રથમાં બિરાજી આગ્રાથી સિંહાડ સુધી પધાર્યા. રસ્તામાં અનેક જગ્યાએ મુકામ કરતાં કરતાં પધાર્યા. સંવત ૧૭૨૬ ની આસો સુદ પૂનમે જતીપુરાથી નીકળેલો રથ સંવત ૧૭૨૮ના કારતક સુદ પૂનમે મેવાડ પહોંચ્યો. ૧૭૨૮ના વ્રજ ફાગણ વદ સાતમ સુધી - બે વર્ષ, પાંચ માસ અને સાત દિવસ સુધી આપ રથમાં જ બિરાજી રહ્યા. સિંહાડમાં અજબકુંવરબાઈના ઘરમાં જ મંદિર સિધ્ધ થયું અને શ્રીજીબાવા ત્યાં બિરાજ્યા.

'તો પછી લાલન એમની સાથે કેમ ન બિરાજ્યા? એમને માટે આ અલગ મંદિર કેમ બન્યું? તે દિવસે આપણે આન્નકૂટનાં દર્શન

કરવા ગયાં ત્યારે તો શ્રીનવનીતપ્રિયજી શ્રીજીબાવાની સાથે જ બિરાજતા હતા ને? આમ કોઈવાર સાથે બિરાજે છે તો પછી હંમેશા કેમ સાથે બિરાજતા નથી?'

નાથદ્વારામાં આ લાડિલા લાલન શ્રીનવનીતપ્રિયજી શ્રીજીબાવાની સાથે ન બિરાજ્યા એનું એક કારણ છે. શ્રીનાથજીબાવાએ જગતના સર્વ જીવો ઉપર કૃપા કરવા શિખરબંધ મંદિરમાં બિરાજવાનું પસંદ કર્યું. શ્રીજીબાવાનું સ્વરૂપ મંદિરમાં સર્વોધ્ધારક સ્વરૂપે બિરાજમાન છે. પુષ્ટિમાર્ગમાં ગૃહસેવાનો આગ્રહ હોવાથી શ્રીમહાપ્રભુજીથી લઈ તેમના વંશમાં આજ સુધી સૌ બાળકોએ શ્રીનવનીતપ્રિયજીની સેવા તેમના પોતાના ઘરમાં કરી છે. પ્રભુ ભક્તોધ્ધારક સ્વરૂપે શ્રીમહાપ્રભુજીના ઘરમાં બિરાજ્યા છે. તેથી જ ગોકુળમાં કે નાથદ્વારામાં બંને સ્વરૂપો અલગ મંદિરમાં બિરાજ્યા. હાલ જ્યાં શ્રીનવનીતપ્રિયજીનું મંદિર છે તે શ્રીનાથજીના મંદિરનો ભાગ નથી પરંતુ શ્રીતિલકાયત મહારાજશ્રીના નિવાસસ્થાન મોતીમહેલનો ભાગ છે.

પુષ્ટિમાર્ગનો ગૃહસેવાનો સિધ્ધાંત વૈષ્ણવોને શીખવવા માટે શ્રીનવનીતપ્રિયજી શ્રીમહાપ્રભુજીના વંશમાં તેમના ઘરમાં બિરાજ્યા છે. મંદિરમાં બિરાજ્યા નથી. હા, બંને સ્વરૂપોની સેવા તિલકાયત કરતા હોવાથી મોટા ઉત્સવોએ બંને સ્વરૂપ સાથે બિરાજે છે અને આપણને દર્શનનો લાભ આપે છે.

નવનીતપ્રિયજીનું મંદિર તેથી જ નંદાલયના ભાવનું મંદિર છે. શ્રીઠાકોરજીની સેવા બાલભાવથી થાય છે. યશોદાજીના એ નાનકડા લાલનનાં દર્શન કરવા જેમ વ્રજભક્તો આવતાં હતાં તેમ આપણે પણ તેમનાં દર્શને જઈએ છીએ. ખૂબ સ્નેહથી લાલનનાં દર્શન કરી બોલીએ છીએ :

લાડીલે લાલકી જય. શ્રીનવનીતલાલ પ્યારેકી જય.

શ્રીનવનીતપ્રિયાષ્ટકમ્

રચના : શ્રીહરિરાયજી

અલકાવૃતસદલિકે વિરચિત-કસ્તૂરિકા-તિલકે ।
ચપલ યશોદાબાલે શોભિતમાલે મતિર્મેડસ્તુ ॥૧॥

વાંકડિયા વાળથી શોભિત લલાટવાળા, કસ્તુરી તિલક ધારણ કરેલા, માળાઓથી શોભતા શ્રીયશોદાજીના ચપળ બાળકમાં મારી બુદ્ધિ રહો. (૧)

મુખરિતનૂપુરચરણે કટિબદ્ધ-ક્ષુદ્રઘંટિકાવરણે ।
દ્વીપીકરજકૃચ-ભૂષણ-ભૂષિત-હૃદયે મતિર્મેડસ્તુ ॥૨॥

ઝંકાર કરતાં ઝાંઝરવાળાં તરણોવાળા, કેડ પર બાંધેલા ઝીણી ઘૂઘરીઓના કંદોરાવાળા, વાઘનખથી શોભતા હૃદયવાળા શ્રીનવનીતપ્રિયજીમાં મારી બુદ્ધિ રહો. (૨)

કરધૃતનવનવનીતે હિતકૃતજનનીવિભીષિકાભીતે ।
રતિમુદ્વહતાચ્ચેતો ગોપીભિર્વશ્યતાં નીતે ॥૩॥

હાથમાં ધારણ કરેલા તાજા માખણવાળા, ભલાઈ કાજે યશોદાજીને બતાવેલી લાકડીથી ભયભીત, ગોપીજનોને વશ એવા શ્રીનવનીતપ્રિયજીમાં મારું ચિત્ત આનંદ પામો. (૩)

બાલદશામતિમુગ્ધે ચોરિતદુગ્ધે વ્રજાંગનાભવનાત્ ।
તદુપાલંભવચોભયવિભ્રમનયને મતિર્મેડસ્તુ ॥૪॥

બાલલીલામાં મુગ્ધ મતિવાળા, ગોપીજનોનાં ઘરમાંથી દૂધ ચોરનારા, તેમના ઠપકાથી ભય પામી વિહ્વળ નેત્રોવાળા શ્રીનવનીતપ્રિય પ્રભુમાં મારી બુદ્ધિ રહો. (૪)

વ્રજકર્દમલિપ્તાંગે સ્વરૂપસુષમાજિતાનંગે ।
કૃતનંદાંગણરિંગણ વિવિધ વિહારે મતિર્મેડસ્તુ ॥૫॥

વ્રજભૂમિના કાદવથી લીંપાયેલાં અંગોવાળા, સ્વરૂપના અસાધારણ સૌંદર્યથી કામદેવને જીતનારા, નંદભવનના આંગણામાં

ભાંખોડિયા ભરતા અનેક લીલા કરનારા શ્રીનવનીતપ્રિય પ્રભુમાં મારી બુદ્ધિ રહો. (૫)

કરવરધૃતલઘુલકુટે વિચિત્ર મયૂરચંદ્રિકામુકુટે ।
નાસાગત મુક્તામણિજટિતવિભૂષે મતિર્મેડસ્તુ ॥૬॥

ઉત્તમ હસ્તમાં નાની ગેડી ધારણ કરનારા, મોરપિચ્છની ચંદ્રિકાના મુકુટવાળા, નાસિકામાં મણિમોતીજડિત નકવેસરવાળા શ્રીનવનીત-પ્રિયજીમાં મારી બદ્ધિ રહો. (૬)

અભિનંદનકૃતનૃત્યે વિરચિતનિજગોપિકાકૃત્યે ।
આનંદિતનિજભૃત્યે પ્રહસનમુદિતે મતિર્મેડસ્તુ ॥૭॥

વખાણ કરવાથી નૃત્ય કરનારા, ગોપીજનોએ ચીંધેલ કામ કરનારા, નિજસેવકોને આનંદ આપનારા અને પ્રસન્નતાથી હસતા શ્રીનવનીતપ્રિયજીમાં મારી બુદ્ધિ હજો. (૭)

કામાદપિ કમનીયે નમનીયે બ્રહ્મરુદ્રાદ્યૈ: ।
નિ:સાધન ભજનીયે ભાવતનૌ મે મતિર્ભૂયાત્ ॥૮॥

કામદેવ કરતાં પણ સુંદર, બ્રહ્મ-રુદ્ર વગેરે દેવોથી વંદિત, સાધન વિનાના ભક્તોના સેવ્ય, ભાવાત્મક શ્રીઅંગવાળા શ્રીનવનીતપ્રિયજીમાં મારી બુદ્ધિ થાવ. (૮)

ઈતિ શ્રીહરિદાસોદિતં નવનીતપ્રિયાષ્ટકં સંપૂર્ણમ્ ॥

શ્રીનવનીતપ્રિયજીનું કીર્તન

રચના : ગોવિંદસ્વામી

ક્રીડત મનિમય આંગન રંગ ।
પીત તાફકો બન્યો ઝગુલા, કુલ્હે લાલ સુરંગ ॥૧॥
કટિ કિંકિની ઘોષ વિસ્મિત સખી ધાય ચલત બલ સંગ ।
ગોસુત પુચ્છ ભ્રમાવત કર ગ્રહી પંક રાગ સોહે અંગ ॥૨॥
ગજ મોતીન લર લટકત ભ્રોંહન સુંદર લહર તરંગ ।
ગોવિંદ પ્રભુકે અંગ અંગ પર વારો કોટિ અનંગ ॥૩॥

‘પ્રિય નવનીત પાલને ઝૂલે’ કીર્તનનો ભાવાનુવાદ

(ઢાળ-સુખ કહ્યા ન જાય સત્સંગના રે)

પ્રિય નવનીત ઝૂલે છે પારણે રે,
ઝૂલાવે છે શ્રીવિઠ્ઠલ દયાલ. પ્રિય નવનીત...૧

ક્યારેક ઝૂલે છે બેઉ મળી સંગમાં રે,
ક્યારેક ઝૂલાવે શ્રીગોપાલ. પ્રિય નવનીત...૨

ક્યારેક લઈ ખિલોના રંગરંગના રે,
ખેલાવે છે વિવિધ પ્રકાર. પ્રિય નવનીત...૩

ચકરી વંકીને ફીરકની ફેરવે રે,
ઝુનઝુના બજાવે દઈ તાલ. પ્રિય નવનીત...૪

કોર દ્યે છે પરસ્પર મુખમાં રે,
બંને ભોજન કરે છે એક થાલ. પ્રિય નવનીત...૫

રસ પ્રકટ કરે છે નિજ હૃદયનો રે,
ઉપજે છે અંતર અતિ વહાલ. પ્રિય નવનીત...૬

જેને દર્શન થયાં છે આ લીલા તણા રે,
તેનાં ભાગ્ય તણો નહીં પાર. પ્રિય નવનીત...૭

‘છીતસ્વામી’ દર્શન કરી ગાય છે રે,
લીલા નીરખે પ્રભુની રસાલ. પ્રિય નવનીત...૮

શ્રીવિઠ્ઠલ ગિરિધારી કૃપાનિધિ રે,
ગાય નિગમ એક કરી ‘લાલ’. પ્રિય નવનીત...૯